

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 352
Dt.: 02-09-2025,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### સુરક્ષા, શાંતિ અને સ્થિરતા એ વિકાસનો આધાર: વડાપ્રધાન મોદી

## મોદીએ આતંકવાદનું ખુલ્લેઆમ સમર્થન કરતા દેશોને બરાબર આડે હાથ લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)તિયાનજિન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચીનના તિયાનજિનમાં ચાલી રહેલા શાંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલનને સંબોધન કર્યું. તેમણે આ મંચ પરથી એક સાથે ચીન અને અમેરિકાને તેમની બેવડી નીતિઓ પર આકરા પ્રહાર કર્યા. તેમણે આતંકવાદને દુનિયા માટે મોટો ખતરો ગણાવ્યો. પીએમ મોદીએ પાકિસ્તાની પ્રધાનમંત્રી શાહબાજ શરીફ સામે જ કહ્યું કે પહલગામમાં દુનિયાએ આતંકવાદનો બિહામણો ચહેરો જોયો. ભારત આતંકવાદનો દંશ ઝેલી રહ્યું છે અને આતંકવાદ પર બેવડું વલણ નહીં ચાલે. પીએમ મોદીએ કહ્યું કે, ભારત છેલ્લા ચાર દાયકાઓથી આતંકવાદનો દંશ ઝેલી રહ્યું છે. હાલમાં જ આપણે પહેલગામમમાં આતંકવાદનું બિહામણું સ્વરૂપ જોયું. આ દુખની ઘડીમાં જે મિત્ર દેશ અમારા પડખે રહ્યા હું તેમનો આભાર વ્યક્ત કરું છું. પીએમ મોદીએ કહ્યું કે આ (પહલગામ) હુમલો માનવતામાં વિશ્વાસ ધરાવતા દરેક દેશ અને વ્યક્તિ માટે ખુલ્લો પડકાર હતો. આવામાં સવાલ ઉઠે તે સ્વાભાવિક છે કે કેટલાક દેશો દ્વારા આતંકવાદને ખુલ્લું સમર્થન એ શું સ્વીકાર્ય હોઈ શકે? આપણે સ્પષ્ટ રીતે એક સૂરમાં કહેવું પડશે કે આતંકવાદ પર કોઈ પણ બેવડો માપદંડ સ્વીકાર્ય નહીં હોય.

પીએમ મોદીએ કહ્યું કે ભારતે SCO ના સક્રિય સભ્ય તરીકે હંમેશા રચનાત્મક અને સકારાત્મક ભૂમિકા ભજવી છે. SCO અંગે ભારતનો દ્રષ્ટિકોણ અને નીતિ ત્રણ મહત્વપૂર્ણ સ્તંભો પર આધારિત છે, S - સિક્યુરિટી, C - કનેક્ટિવિટી, અને O - ઓપોર્ચ્યુનિટી.

પીએમ મોદીએ કહ્યું કે, સુરક્ષા, શાંતિ અને સ્થિરતા કોઈ પણ દેશના વિકાસના આધાર છે. પરંતુ આતંવાદ, અલગાવવાદ, અને અતિવાદ મોટા પડકારો છે. આતંકવાદ ફક્ત કોઈ દેશની સુરક્ષા માટે જ નહીં પરંતુ સમગ્ર માનવતા માટે એક સંયુક્ત પડકાર છે. કોઈ દેશ, કોઈ સમાજ, કોઈ નાગરિક તેનાથી પોતાને સુરક્ષિત સમજી શકે નહીં. આથી ભારતે આતંકવાદની લડાઈમાં એકતા પર ભાર મૂક્યો છે. ભારતે સંયુક્ત સૂચના અભિયાનનું નેતૃત્વ કરીને અલ કાયદા, અને તે સંલગ્ન આતંકવાદી સંગઠનો સામે લડવાની પહેલ કરી, અમે આતંકવાદને ફંડિંગ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. તેમાં મળેલા સમર્થન માટે હું આભાર વ્યક્ત કરું છું. આ ઉપરાંત પીએમ મોદીએ એમ પણ કહ્યું કે આજે ભારત "Re-form, Perform and Trans-form" ના મંત્ર પર આગળ વધી રહ્યું છે. કોવિડ હોય કે વૈશ્વિક આર્થિક અસ્થિરતા, અમે દરેક પડકારને અવસરમાં બદલવાની કોશિશ કરી છે. વ્યાપક સુધારા પર સતત કામ થઈ રહ્યું છે. જેનાથી દેશમાં વિકાસની નવી તકો ખુલી રહી છે અને વૈશ્વિક સહયોગ પણ વધી રહ્યો છે. તેમણે તમામ દેશોને ભારતની વિકાસ યાત્રામાં સામેલ થવાનું નિમંત્રણ આપ્યું. SCOનું સંયુક્ત ઘોષણાપત્ર આવ્યાના થોડા સમય પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદ પર પોતાની વાત મૂકી હતી. મોદીએ કહ્યું કે, આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદ મોટા પડકારો છે. આતંકવાદ માત્ર કોઈ દેશની સુરક્ષા જ નથી, પરંતુ સમગ્ર માનવતા માટે એક સામાન્ય પડકાર છે. કોઈ પણ દેશ, કોઈ સમાજ, કોઈ નાગરિક તેનાથી પોતાને સુરક્ષિત માની શકતો નથી. તેથી જ ભારતે આતંકવાદ સામેની લડાઈમાં એકતા પર ભાર મૂક્યો છે. મોદીએ કહ્યું કે, છેલ્લા ૨૪ વર્ષોમાં SCOનું સમગ્ર યુરેશિયન ક્ષેત્રને વિસ્તૃત પરિવાર સાથે જોડવામાં ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. ભારતે એક સક્રિય સદસ્ય તરીકે હંમેશા રચનાત્મક અને સકારાત્મક ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે, SCO અંગે ભારતની વિચારસરણી અને નીતિ ત્રણ મુખ્ય સ્તંભો પર આધારિત છે:

પીએમએ આગળ કહ્યું કે, ભારત છેલ્લા ૪ દાયકાથી આતંકવાદ સહન કરી રહ્યું છે. ઘણી માતાઓએ પોતાના બાળકો ગુમાવ્યા છે અને ઘણા બાળકો અનાથ બની ગયા છે. તાજેતરમાં જ આપણે પહલગામમમાં આતંકવાદનું ખૂબ જ ઘૃણાસ્પદ સ્વરૂપ જોયું. આ હુમલો માત્ર ભારતના અંતરાત્મા પર જ આઘાત નહોતો, પરંતુ તે દરેક દેશ અને માનવતામાં વિશ્વાસ રાખનાર દરેક વ્યક્તિ માટે ખુલ્લો પડકાર હતો.

મોદીએ કહ્યું કે, આવી સ્થિતિમાં એ સવાલ ઉઠવો સ્વાભાવિક છે કે, શું કેટલાક દેશો દ્વારા આતંકવાદને ખુલ્લેઆમ સમર્થન આપણને સ્વીકાર્ય છે? આપણે સ્પષ્ટપણે અને એક સ્વરમાં કહેવું પડશે કે આતંકવાદ પર કોઈ ડબલ સ્ટાન્ડર્ડ સ્વીકાર્ય નથી. આપણે સાથે મળીને આતંકવાદનો દરેક રંગમાં અને દરેક રૂપમાં વિરોધ કરવો પડશે. આ માનવતા પ્રત્યે આપણી જવાબદારી છે.



પહલગામમાં દુનિયાએ આતંકવાદનો બિહામણો ચહેરો જોયો : ભારત આતંકવાદનો દંશ ઝેલી રહ્યું છે અને આતંકવાદ પર બેવડું વલણ નહીં ચાલે : નરેન્દ્ર મોદી

### PM મોદી સાથેની બેઠકમાં પુતિનનું મોટું નિવેદન

## ભારત સાથે રાજકારણ નહીં, વિશ્વાસનો સંબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)તિયાનજિન

ભારત અને રશિયા વચ્ચેનો સંબંધ રાજકીય નહીં પણ વિશ્વાસનો છે. તાજેતરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ની બેઠક બાદ ચીનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થઈ હતી. આ વાતચીત દરમિયાન બંને દેશોએ પોતાના ઐતિહાસિક સંબંધોનો ઉલ્લેખ કર્યો અને સહકાર વધારવાની ઈચ્છા વ્યક્ત કરી.

વૈશ્વિક સ્તરે ભારત-રશિયાની મિત્રતા અમેરિકાને એક સ્પષ્ટ સંદેશ આપી રહી છે કે, ભલે કોઈપણ દબાણ આવે, પણ ભારત ક્યારેય પોતાના સંબંધોને છોડશે નહીં. આ મુલાકાત દરમિયાન પુતિને કહ્યું કે, ભારત અને રશિયા વચ્ચેનો સંબંધ રાજકીય આધાર પર નહીં, પરંતુ વિશ્વાસ પર આધારિત છે.

વડાપ્રધાન મોદીએ વ્લાદિમીર પુતિનની વાતને સમર્થન આપતા કહ્યું કે, ભારત અને રશિયાના સંબંધો સારા જ નહીં, પરંતુ ખરાબ સમયમાં પણ મજબૂત રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે, પુતિન સાથેની મુલાકાત હંમેશા યાદગાર હોય છે.

તેમણે પુતિનને ડિસેમ્બરમાં થનારી ભારત યાત્રા માટે આવકાર આપ્યો અને કહ્યું કે ૧૪૦ કરોડ ભારતીયો તેમની રાહ જોઈ રહ્યા છે.

વડાપ્રધાન મોદીએ યુક્રેન સંઘર્ષ પર પણ વાતચીત કરી હતી અને શાંતિ પ્રયાસોનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે, ભારત શાંતિ માટે દરેક પગલે સાથે છે. વર્તમાન પરિસ્થિતિમાં, ચીન-ભારત અને રશિયા મળીને વૈશ્વિક સ્તરે ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે. અમેરિકાનું દબાણ છતાં, ભારત-રશિયા એકબીજાના ગાઢ સહયોગી રહ્યા છે.

બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટોથી સ્પષ્ટ થાય છે કે, ભારત કોઈના દબાણમાં આવીને પોતાના ઐતિહાસિક અને વિશ્વસનીય સંબંધોને તોડશે નહીં. આ બેઠકમાં બંને નેતાઓ વચ્ચેની અનૌપચારિકતા અને સ્મિત સ્પષ્ટપણે જોવા મળ્યા, જે તેમના ગાઢ સંબંધોની સાબિતી છે. પુતિને ભારતને મુશ્કેલ સમયનો સાથી ગણાવ્યો, જે બંને દેશો વચ્ચેના મજબૂત બંધનને દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે તાજેતરમાં જ ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ ઝિંક્યો છે. ભારત રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદતું હોવાથી અને રશિયા તે ઓઈલના નાણાં યુક્રેન વિરુદ્ધના યુદ્ધમાં ઉપયોગ કરવાનો ટ્રમ્પે આક્ષેપ કર્યો છે, ત્યારબાદ તેમણે ભારત પર મસમોટો ટેરિફ બોંબ ઝિંકી દીધો છે.

### પાકિસ્તાનને પણ લાગ્યાં મરચાં

## SCO સમિટમાં એકમાત્ર ભારતે ચીનના પ્રોજેક્ટનો કર્યો વિરોધ

### ભારતે શરૂઆતથી જ BRIનો વિરોધ કર્યો છે અને તેનું સૌથી મોટું કારણ ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (CPEC) છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તિયાનજિન

ચીનના વિવાદાસ્પદ બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI) અંગે ભારતનું વલણ સ્પષ્ટ છે. ચીનના તિયાન્જિનમાં યોજાયેલા શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના શિખર સંમેલનમાં ભારતે આ પ્રોજેક્ટને સમર્થન આપવાનો ઈનકાર કરી દીધો. ભારત SCOનો એકમાત્ર એવો સભ્ય દેશ હતો, જેણે આ પ્રોજેક્ટનો વિરોધ કર્યો, જ્યારે અન્ય દેશોએ તેને સમર્થન આપ્યું. ભારતના વિરોધનું મુખ્ય કારણ એ છે કે આ પ્રોજેક્ટ ભારતના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પર અસર કરે છે.

SCOના તિયાન્જિન ઘોષણાપત્રમાં, બેલારુસ, ઈરાન, કઝાકિસ્તાન, કિર્ગિઝસ્તાન, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાન જેવા દેશોએ BRIને સમર્થન આપ્યું, જ્યારે ભારતે સહમતી ન આપી. ભારત માને છે કે કોઈપણ કનેક્ટિવિટી પ્રોજેક્ટ આંતરરાષ્ટ્રીય નિયમો, પારદર્શિતા અને સમાનતા પર આધારિત હોવો જોઈએ અને તે દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરે. ભારતે શરૂઆતથી જ BRIનો વિરોધ કર્યો છે અને તેનું સૌથી મોટું કારણ ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (CPEC) છે. CPEC એ BRIનો મુખ્ય પ્રોજેક્ટ છે, જે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માંથી પસાર થાય છે. ભારત માને છે કે આ તેની સાર્વભૌમતાનો ભંગ છે, કારણ કે PoK ભારતનો અભિન્ન ભાગ છે.

ભારત સરકારનું કહેવું છે કે તેણે આ મુદ્દે વારંવાર સંબંધિત દેશો સામે ઔપચારિક વિરોધ નોંધાવ્યો છે અને તેમને આવી ગતિવિધિઓ બંધ કરવા જણાવ્યું છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે સરકારનું વલણ સ્પષ્ટ અને સુસંગત છે. સાથે જ, ભારત સરકાર આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા દરેક વિકાસ પર સખત નજર રાખે છે અને દેશની સુરક્ષા અને અખંડિતતાની રક્ષા માટે તમામ જરૂરી પગલાં ભરે છે.

BRI (બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ), જેને ચીની ભાષામાં વન બેલ્ટ, વન રોડ કહેવામાં આવે છે, તે ચીનની એક મોટી વૈશ્વિક પહેલ છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ચીની કંપનીઓ દ્વારા વિદેશોમાં પરિવહન, ઊર્જા અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિર્માણ કરવાનો છે. આ પ્રોજેક્ટ્સને ચીની વિકાસ બેંક્રો તરફથી મળેલી લોન દ્વારા ફંડ આપવામાં આવે છે.

આ પહેલનો મુખ્ય હેતુ ચીન અને બાકીના વિશ્વ વચ્ચે કનેક્ટિવિટી સુધારવાનો છે, જેથી વેપાર અને અર્થતંત્રને મજબૂતી મળે. તેને ૨૧મી સદીના નવા સિલ્ક રોડ તરીકે પણ ઓળખવામાં આવે છે, જે ચીનથી મધ્ય પૂર્વ અને યુરોપ સુધી વેપાર માર્ગ બનાવે છે.

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે ૨૦૧૩માં કઝાકિસ્તાન અને ઈન્ડોનેશિયાની મુલાકાતો દરમિયાન આ વિચારની જાહેરાત કરી હતી. ત્યારથી આ પહેલ ઝડપથી આગળ વધી છે અને તેના હેઠળ કેન્યા અને લાઓસમાં રેલમાર્ગો તેમજ પાકિસ્તાન અને ઈન્ડોનેશિયામાં પાવર પ્લાન્ટ્સ જેવા અનેક મોટા પ્રોજેક્ટ્સ બનાવવામાં આવ્યા છે.

### વાર્ષિક ધોરણે ૬.૫ ટકાનો વધારો

## GST કલેક્શન ઓગસ્ટમાં ૧.૮૬ લાખ કરોડ થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આજે સોમવારે કેન્દ્ર સરકારે GST કલેક્શનના આંકડા રજૂ કર્યા હતાં. જે માસિક ધોરણે ઘટ્યું છે. પરંતુ સરેરાશ ધોરણે રૂ. ૧.૮૦ લાખની સપાટી જાળવી રાખી છે. ઓગસ્ટ મહિનામાં જીએસટી કલેક્શન ૧.૮૬ લાખ કરોડ રૂપિયા હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતા ૬.૫ ટકા વધુ છે. ઓગસ્ટ ૨૦૨૪ માં ૧.૭૫ લાખ કરોડ રૂપિયા જીએસટી કલેક્શન નોંધાયુ હતું. બીજી તરફ, જો આપણે પાછલા મહિનાની વાત કરીએ તો, જુલાઈ ૨૦૨૫ માં GST કલેક્શનથી સરકારી તિજોરીમાં ૧.૯૬ લાખ કરોડ રૂપિયા સામે નજીવો ઘટાડો નોંધાયો છે. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર,



સ્થાનિક આવકમાં ઉછાળાને કારણે, ઓગસ્ટમાં કુલ GST કલેક્શન ૧.૮૬ લાખ કરોડ રૂપિયાથી વધુ પહોંચી ગયું. ગયા મહિને આ આવક ૯.૬ ટકા વધીને ૧.૩૭ લાખ કરોડ રૂપિયા થઈ હતી.જ્યારે ઈમ્પોર્ટ ડ્યુટી ૧.૨ ટકા ઘટી રૂ. ૪૯,૩૫૪ કરોડ થયુ હતું. જો આપણે GST રિફંડ પર નજર કરીએ તો, તે વાર્ષિક ધોરણે ૨૦ ટકા ઘટી રૂ. ૧૯,૩૫૯ કરોડ થયુ છે. જો આપણે અત્યાર સુધીના સૌથી મોટા GST કલેક્શનના આંકડા પર નજર કરીએ, તો એપ્રિલમાં સૌથી વધુ જીએસટી કલેક્શન નોંધાયુ હતું. ત્યારે સરકારને GST કલેક્શન મારફત રૂ. ૨.૩૭ લાખ કરોડની કમાણી થઈ હતી. જે GST લાગુ થયા પછી અત્યાર સુધીનું સૌથી વધુ કલેક્શન હતું.

નોંધનીય છે, GST કાઉન્સિલની બેઠક બે દિવસ પછી ત્રણ સપ્ટેમ્બરના રોજ યોજાવા જઈ રહી છે. જેમાં GST સુધારા હેઠળ ટેક્સ સ્લેબમાં ઘટાડો કરવા તેમજ GSTના દરોને તર્કસંગત બનાવવા પર ચર્ચા થવાની છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસ નિમિત્તે લાલ કિલ્લા પરથી GSTમાં સુધારાની જાહેરાત કરી હતી. તેમણે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે સરકાર GSTમાં સુધારા લાવી રહી છે અને તેનાથી સામાન્ય માણસ પર કરનો બોજો ઘટશે. તેનો અમલ દિવાળી પહેલાં થવાનું વચન પણ આપ્યું હતું. નવી GST સિસ્ટમમાં, કર વ્યવસ્થાને સરળ બનાવવા માટે ફક્ત બે સ્લેબ ૫% અને ૧૮% લાગુ કરવાનો પ્રસ્તાવ છે.

### કૉલ્ડ વૉર કે ધમકીઓ નહીં ચલાવી લેવાય...

## SCO સમિટમાંથી ટ્રમ્પને જિનપિંગનો કડક મેસેજ

(સંપૂર્ણ સમાચાર સેવા)તિયાનજિન

ચીનના તિયાનજિન શહેરમાં આયોજિત SCO શિખર સંમેલનમાં વિશ્વના અનેક નેતાઓનો જમાવડો થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના પ્રમુખ પુતિન, ચીનના પ્રમુખ શી જિનપિંગ એક જ મંચ પર જોવા મળતાં અમેરિકાના પેટમાં તેલ રેડાયું છે. આ SCO મંચ પરથી ચીનના પ્રમુખે ડોનાલ્ડ ટ્રમ્પને આકરો સંદેશ આપ્યો છે. શી જિનપિંગે સ્પષ્ટતા કરી છે કે, હવે કોલ્ડ વૉર કે કોઈપણ પ્રકારની ધમકી સહન કરીશુ નહીં. SCOના તમામ સભ્યો સંયુક્ત હિતો પર કામ કરવા અપીલ છે. શાંઘાઈ સહયોગ સંગઠનના તમામ સભ્યોએ આ સંગઠનના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આજે તેની ગણતરી વિશ્વના ટોચના સંગઠનોમાં થાય છે. અમે કોલ્ડવૉરની માનસિકતાનો વિરોધ કરીશું. અથડામણ અને ધમકીઓનું અહીં કોઈ સ્થાન નથી. અમેરિકાના ટેરિફ નીતિના કારણે વૈશ્વિક પરિસ્થિતિ અસ્થિર અને અશાંત બની છે.

એસસીઓ દેશોએ અમેરિકાની આ ગુંડાગીરી સહન કરવી જોઈએ નહીં. બાહ્ય હસ્તક્ષેપનો વિરોધ કરવો જોઈએ અને તમામ દેશોના કાયદેસર વિકાસ માટેના અધિકારોનું રક્ષણ કરવું જોઈએ. તેમણે યુનાઈટેડ નેશન્સની ભૂમિકાનું રક્ષણ તેમજ વૈશ્વિક વેપાર પ્રણાલીની અખંડિતતા જાળવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.ચીનના પ્રમુખે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિને વખોડી હતી. તેમણે ટ્રમ્પના ટેરિફને ગેરકાયદે ઠેરવ્યો છે. ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ ભારત પર પણ ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટની શરૂઆત કરતાં જ ચીનના પ્રમુખ શી જિનપિંગે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં અમેરિકાના "ગુંડાગીરી"ના વલણની આકરી ટીકા કરી હતી. તેમણે જીર્ઝ દેશોને વધુ ન્યાયી, પારદર્શક અને બહુપક્ષીયતા સાથે આગળ વધવા હાકલ કરી હતી. ભારત સહિત અનેક દેશો પર ટ્રમ્પ દ્વારા તાજેતરમાં લાદવામાં આવેલા ટેરિફની ચીને ટીકા કરી છે.




## તંત્રી લેખ......

# ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ બદલાવાનો પ્રશ્ન ઠેરનો ઠેર

કમુરતા બાદ હવે શ્રાદ્ધ પક્ષ પણ આવી ગયો, પણ ભાજપનો પ્રશ્ન ઠેરનો ઠેર છે. ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ બદલાવાનો પ્રશ્ન ઠેરનો ઠેર છે. મંત્રીમંડળ અને ભાજપ પ્રદેશ પ્રમુખ બદલાવાની વાત હવે લટકતું ગાજર જેવી બની છે. સરકારને પણ માત્ર તેની ચર્ચા થાય અને થતી રહે તેમાં વધુ રસ હોય તેવું લાગી રહ્યું છે. આવામાં હવે નવું આવ્યું છે. પાર્ટી શ્રાદ્ધ પક્ષ પહેલાં ઘણા સમયથી ઠેલાતો પ્રશ્ન ઉકેલવા માંગે છે અને ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત આ સપ્તાહમાં થવાની શક્યતાની વાત વહેતી થઈ છે. શ્રાદ્ધ પક્ષના ૧૬ દિવસ બાદ રાજ્ય મંત્રીમંડળમાં ફેરફારનો મામલો હાથ ધરાશે તેવી અફવા શરૂ થઈ છે.

આ મહિને શ્રાદ્ધ પક્ષ આવી રહ્યું છે. જેમાં શુભ કાર્યો થતા નથી. તેથી સપ્ટેમ્બરના પહેલા જ સપ્તાહમાં હાઈકમાન્ડ દ્વારા ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત કરી દેવામાં આવશે. સાથે જ નવા મંત્રીમંડળની પણ ચર્ચા થઈ રહી છે. ભાજપમાં ફરી કાનાફૂસી શરૂ થઈ ગઈ છે કે, ૮ સપ્ટેમ્બરથી ત્રણ દિવસનું ટૂંકું વિધાનસભાસત્ર શરૂ થાય એ પહેલાં ૩૧મી ઓગસ્ટ સુધીમાં નવા પ્રદેશ પ્રમુખ જાહેર થવાની હવા જોરશોરથી હતી, પરંતુ એ જાહેરાત હવે સપ્તાહ ઉપર ગઈ છે.

ભાજપ હવે નામોની પસંદગીમાં સરપ્રાઈઝ આપવા ટેવાયેલી છે. ત્યારે કોણ આવે તે કહેવું મુશ્કેલ છે. પરંતુ ભાજપના નવા પ્રમુખ ઓબીસી સમાજના અને તે પણ સૌરાષ્ટ્રમાંથી આવે તેવી શક્યતા વધુ દેખાઈ રહી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે એકાએક ધારાસભ્યો અને પદાધિકારીઓની બેઠકમાં મંત્રીમંડળના વિસ્તરણના સંકેત આપી અનેકની ઊંઘ હરામ કરી. વર્તમાન મંત્રીમંડળમાં કેટલાક સભ્યોને પોતાનું પદ જતું રહેવાની બીકથી ઊંઘ ઊડી ગઈ છે, તો અનેક ધારાસભ્યોને મંત્રી પદ દેખાવા લાગ્યું. એટલે મંત્રીપદ મળશે કે નહીં એ વિચારોને કારણે રાતની ઊંઘ હરામ થઈ. પ્રદેશ પ્રમુખ પદ અને મંત્રીમંડળનું વિસ્તરણ આ બે મુદ્દા છેલ્લા એક વર્ષથી ચર્ચાનો વિષય બન્યો છે. જ્યારે જ્યારે પણ ચર્ચા નથી થતી, ત્યારે એકાએક પાર્ટીના મોટા નેતા કોઈને કોઈ પ્રકારે સંકેત આપે છે એટલે ફરી પાછી ચર્ચા જોર પકડે છે. હવે સીઆર પાટીલના આ વખતના સંકેત બાદ મંત્રીમંડળના સભ્યો અને ભાજપના કાર્યકર્તાઓ પોતાની સ્થિતિ ટેબલ ટેનિસના દડા જેવી દેખાવા લાગી. એક તરફ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ છે, તો બીજી તરફ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ. આ બંને રાજકીય મેદાનમાં પહેલા પ્રદેશ પ્રમુખ કે પહેલા મંત્રીમંડળનો બોલ એકબીજાના કોર્ટમાં નાંખે છે. થતું કશું નથી, પણ ભાજપના નેતાઓની સ્થિતિ લટકતા ગાજરને દૂરથી જ જોયા કરીએ તે પ્રકારની થઈ રહી છે.

### ગુજરાતના દરિયાકાંઠાના અનેક ખેડૂતો શ્રીફળનું વાવેતર કરીને શ્રીમંત બન્યા

# રાજ્યમાં છેલ્લા એક દાયકામાં નાળિયેરીનો વાવેતર વિસ્તાર ૫,૭૪૬ હેક્ટર વધ્યો; લીલા નાળિયેરનું (ત્રોફાનું) વાર્ષિક ઉત્પાદન ૨૬ કરોડ યુનિટથી પણ વધુ

## ગુજરાતમાંથી ઉત્પાદનના ૪૦ ટકા નાળિયેરની દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં નિકાસઃ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ

સમગ્ર વિશ્વમાં ૨ સપ્ટેમ્બરને 'નાળિયેર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. નાળિયેરમાં રહેલા ગુણોથી લોકોને જાગૃત કરવા તેમજ રોજગાર સહિત વિવિધ ઉત્પાદનોમાં નાળિયેરના મહત્વને સમજાવવા માટે આ વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવે છે. નાળિયેરનું સૌથી વધુ ઉત્પાદન અને તેની નિકાસ કરતા પ્રથમ હરોળના દેશોમાં ભારત મુખ્ય સ્થાન ધરાવે છે. નાળિયેરના ઉત્પાદન અને નિકાસમાં ગુજરાત મહત્તમ ફાળો આપી શકે તેમજ નાળિયેરના વાવેતરથી ખેડૂતો મહત્તમ આવક મેળવી શકે તેવા ઉમદા આશય સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર નાળિયેરી વિકાસને પુષ્કળ પ્રોત્સાહન આપી રહી છે. કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે નાળિયેર દિવસ સંદર્ભે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં નાળિયેરી વિકાસની સુવર્ણ કેડી કંડારી હતી. જેના ફળસ્વરૂપે આજે ગુજરાતમાં નાળિયેરનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન સતત વધી રહ્યું છે. છેલ્લા એક દાયકામાં જ નાળિયેરીના વાવેતર વિસ્તારમાં ૫,૭૪૬ હેક્ટરનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪-૧૫માં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૨,૪૫૧ હેક્ટર હતો, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૨૮,૧૯૭ હેક્ટર સુધી પહોંચ્યો છે. અત્યારે ગુજરાતમાં લીલા નાળિયેરનું (ત્રોફાનું) વાર્ષિક ઉત્પાદન ૨૬.૦૯ કરોડ યુનિટથી પણ વધુ છે.



**ગુજરાતમાં નાળિયેરી ઉત્પાદનની શક્યતાઓ પુષ્કળ**

ગુજરાત દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય હોવાથી રાજ્યમાં નાળિયેરી ઉત્પાદનની શક્યતાઓ સૌથી વધુ છે. ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લામાં હાલ ૪૫.૬૧ લાખ હેક્ટર જેટલો વિસ્તાર ખેતી લાયક છે, જેને ધ્યાને રાખીને દરિયાકાંઠાના જિલ્લામાં નાળીયેરીનો વાવેતર વિસ્તાર ૨૮,૦૦૦ હેક્ટરથી વધીને ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ હેક્ટર સુધી પહોંચવાની શક્યતા ધરાવે છે. હાલ ગુજરાતમાં નાળિયેરનું ઉત્પાદન મુખ્યત્વે ગીર-સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, કચ્છ, નવસારી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થાય છે. દરિયાકાંઠાના અન્ય જિલ્લાઓમાં પણ નાળિયેરીનું ઉત્પાદન વધે તે માટે નાળિયેરીના ઉત્પાદનને પૂરતું પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

**નાણાકીય સહાયથી નાળિયેર ઉત્પાદનને મળશે વેગ**

ગુજરાતમાં નાળીયેરીની ખેતી, ઉત્પાદન અને નાળીયેરી સંબંધિત ઉદ્યોગોના સંકલિત વિકાસને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે "ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ" અમલમાં મૂક્યો હતો. ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ માટે ચાલુ વર્ષે રાજ્ય સરકારે બજેટમાં રૂ. ૫૫૦ લાખ જેટલી માતબર રકમની જોગવાઈ કરી છે. આ કાર્યક્રમ અંતર્ગત ખેડૂતોને નાળિયેરીના વાવેતર વિસ્તાર માટે જે ખર્ચ થયો હોય, તેના ૭૫ ટકા મહત્તમ રૂ. ૩૭,૫૦૦ પ્રતિ હેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે.

સાથે જ, નાળીયેરીમાં સંકલિત પોષણ અને જીવાત વ્યવસ્થાપન માટે ખર્ચના ૫૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૫,૦૦૦ પ્રતિ હેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. આ તમામ સહાય ખેડૂત દીઠ અથવા ખાતા દીઠ ૪ હેક્ટરની મર્યાદામાં સીધી ખેડૂતોના બેંક ખાતામાં ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય પ્લાન યોજના અંતર્ગત નાળિયેરીના પ્લાન્ટીંગ મટીરીયલ્સ માટે પણ ખર્ચના મહત્તમ ૯૦ ટકા મુજબ રૂ. ૧૩,૦૦૦ પ્રતિ હેક્ટરની મર્યાદામાં ખેડૂતોને સહાય ચૂકવવામાં આવે છે. રાજ્ય સરકારના નાળિયેરી વિકાસ માટેના સરાહનીય પગલાથી ગુજરાતના નાળિયેરી ઉત્પાદનમાં વધારો થશે.

**ઉનાળામાં નાળિયેરની માગ સૌથી વધુ**

ગુજરાતમાં ઉત્પાદન થતા કુલ નાળિયેરમાંથી મુખ્યત્વે નાળિયેરનું ત્રોફા તરીકે ઉત્પાદન થાય છે. ગુજરાતમાં ઉત્પાદિત થતા આશરે ૪૦ ટકા જેટલા નાળિયેરની દિલ્હી, પંજાબ, હરિયાણા રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં નિકાસ કરવામાં આવે છે. બારે માસ મળતા નાળિયેરની માંગ ઉનાળામાં એટલે કે, માર્ચથી જૂન મહિના દરમિયાન સૌથી વધુ હોય છે. આ ઉપરાંત ૫ ટકા નાળિયેરનું ખેડૂતો પોતાના માટે અને બીજ તરીકે ઉત્પાદન કરે છે.

**નાળિયેરના મૂલ્યવર્ધન થકી મબલખ આવક**

ભારતીય સંસ્કૃતિમાં કલ્પવૃક્ષ સમાન નાળિયેરને શ્રીફળનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે. નાળિયેર મનુષ્યના સ્વાસ્થ્ય વર્ધનમાં અનેક રીતે આશિર્વાદરૂપ હોવાથી તેનું મૂલ્યવર્ધન પણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યના અનેક ખેડૂતો અને કૃષી એકમો નાળિયેરમાંથી તેલ, વર્જિન કોકોનટ ઓઈલ, નાળિયેરનું દૂધ, નાળિયેર પાણીનાં ટેટ્રાપેક/બૉટલ, કોકોનટ કુકી, કોકોનટ બરફી, વિનેગર, ફ્લેક્સ, ચિપ્સ, ઓઈલ કેક અને નીરા વગેરે બનાવી, તેનું વેચાણ કરીને મબલખ આવક મેળવી રહ્યા છે.

- નિતિન રથવી

### ખોરાક-ઔષધ નિયમન તંત્ર દ્વારા જપ્ત કરવામાં આવેલા જથ્થામાં મુખ્યત્વે ઘી, પામ ઓઈલ અને કુકીંગ મીડિયમ સામેલ

# રાજ્યમાં ચાલુ વર્ષે ઓગસ્ટ માસમાં અંદાજે રૂ. ૧.૮ કરોડનો ૪૬ ટન અખાદ્ય ચીજ વસ્તુઓનો જથ્થો જપ્ત

રાજ્યના નાગરિકોને શુદ્ધ ખાદ્ય ચીજવસ્તુઓ મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ચાલુ વર્ષે ઓગસ્ટ માસમાં વિવિધ જિલ્લાઓમાં નિયમિત તપાસ ઉપરાંત ૧૦ જેટલા દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન તંત્ર દ્વારા કુલ ૨૮ નમૂનાઓ લઈને અંદાજે રૂ. ૧.૮ કરોડનો ૪૬ ટન અખાદ્ય ચીજ વસ્તુઓનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ જપ્ત કરવામાં આવેલા જથ્થામાં મુખ્યત્વે ઘી, પામ ઓઈલ, કૂકિંગ મીડિયમ અને ચાંદીના વરખનો સમાવેશ થાય છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી.કોશિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં ભેળસેળયુક્ત-ડુપ્લિકેટ ખોરાક બનાવનાર ઈસમો સામે સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. વધુમાં, પવિત્ર શ્રાવણ માસ દરમિયાન જાહેર જનતાને શુદ્ધ અને સલામત ફરાળી ખાદ્યચીજો મળે તે હેતુથી તંત્ર દ્વારા રાજ્યવ્યાપી વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવમાં વિવિધ સ્થળોએથી ૭૭૪ નમૂનાઓ લઈને અંદાજિત રૂ. ૧.૭૭ લાખનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૪૬૮ પેઢીઓની રૂબરૂ તપાસ થકી ૧૨ ટન જથ્થો જપ્ત કરવાની સાથે ૩૨ કિલોગ્રામ જથ્થાનો નાશ પણ કરવામાં આવ્યો હતો. કમિશનરશ્રીએ ઉમેર્યું કે, ગુજરાતના નાગરિકોને શુદ્ધ અને સલામત આહાર મળે તે માટે તંત્ર સતત કાર્યરત છે. જે અન્વયે તંત્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન જુદી જુદી ટીમ બનાવીને સુરત, અમદાવાદ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લા સહિત વિવિધ જગ્યાએ દરોડા પાડીને કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

આ અંતર્ગત સુરતના એસ.આર.કે. ડેરી ફાર્મ ખાતેથી ઘીના ત્રણ અને એક બટરનો નમૂનો લેવામાં આવ્યો હતો તેમજ અંદાજે રૂ. ૬૫ લાખનો ૧૦ ટન જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જે પૈકી ઘીના ત્રણ નમૂનાઓ લેબોરેટરીમાં સબસ્ટાન્ડર્ડ જાહેર થયા હતા. આ ઉપરાંત તંત્ર દ્વારા સુરતની શ્યામ એન્ટરપ્રાઈઝ ખાતે રૂ. ૬૨ હજારનો ૨૦૮ કિ.ગ્રા. વેજ ફેટ સહિતનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે અમદાવાદના ન્યૂ આદિનાથ ડેરી પ્રોડક્ટ્સ ખાતેથી રૂ. ૨.૭૫ લાખનો ૪૪૮ કિ.ગ્રા. ઘીનો જથ્થો તેમજ મહાદેવ ડેરી ખાતેથી અંદાજે રૂ. ૧૦ લાખનો ૧૧ ટન ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો, જે બાદમાં સબસ્ટાન્ડર્ડ જાહેર થયા હતા. તદુપરાંત શિવમ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ, બાકરોલ-બુજરંગ, તા. દસક્રોઈમાંથી રૂ. ૭.૪૮ લાખનો ૫ ટન પામ ઓઈલ તેમજ પેઢી કેદાર ટ્રેડિંગ કંપની, દસક્રોઈ ખાતેથી રૂ. ૬.૫ લાખનો ૨.૭ ટન પામ ઓઈલ જપ્ત કરવામાં આવ્યો હતો. વધુમાં, હેપ્પી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ, છત્રાલ ખાતેથી રૂ. ૧૬ લાખનો ૧૧ ટન આર.બી.ડી. પામ ઓઈલ તેમજ ફૂડ સર્વિસ નેટવર્ક, બિડજ, ખેડા ખાતેથી રૂ. ૭ લાખનો ૧.૭ ટન ટપન કુકીંગ મીડિયમ ૧ લિટરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તદુપરાંત બનાસકાંઠા જિલ્લાની સુરભી ટ્રેડર્સ, વાવ અને તાસ્વી માર્કેટીંગ એન્ડ ડેરી પ્રોડકટસ, ડીસા ખાતેથી રૂ. ૫.૬૦ લાખનો ૮૨૪ કિ.ગ્રા. શંકાસ્પદ ઘી જપ્ત કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે મહેસાણાના વિજાપુર ખાતે આવેલી મે. ડીવાઈન ફુડમાં રેડ કરીને રૂ. ૧.૩૦ લાખનો ૬૪૯ કિ.ગ્રા. પનીર તેમજ અંદાજે રૂ. ૩૨ હજારથી વધુનો ૨૩૮ કિ.ગ્રા. રિફાઈન્ડ પામોલીન ઓઈલ જપ્ત કરીને વધુ કાર્યવાહી કરવામાં આવી હતી, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

- જીગર બારોટ

### સામે આવ્યો ચોંકાવનારો રિપોર્ટ

# ભારતમાં માર્ગ અકસ્માતમાં દર કલાકે ૨૦ લોકોના મોત

## રિપોર્ટ અનુસાર ઓવર-સ્પીડિંગ અને ખોટા દિશામાં ગાડી ચલાવવી દુર્ઘટનાના સૌથી મોટા કારણ બન્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં રોડ સુરક્ષાની સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે. રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય **(MoRTH)** ના લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૨૩મા ૧.૭૨ લાખથી વધુ લોકોના મોત રોડ અકસ્માતમાં થયા છે. તેનો મતલબ છે કે દેશમાં એવરેજ દરરોજ ૪૭૪ લોકો અને દર કલાકે આશરે ૨૦ લોકો રોડ અકસ્માતનો શિકાર બની પોતાનો જીવ ગુમાવી રહ્યાં છે. આ આંકડા કોઈ મહામારીથી ઓછા નથી અને તે દર્શાવે છે કે આપણા રોડ હજુ કેટલા ખતરનાક છે. રિપોર્ટ અનુસાર ઓવર-સ્પીડિંગ અને ખોટા દિશામાં ગાડી ચલાવવી દુર્ઘટનાના સૌથી મોટા કારણ બન્યા. આ સિવાય હેલ્મેટ અને સીટ બેલ્ટનો ઉપયોગ ન કરવો પણ મોતનું કારણ છે. આંકડા દર્શાવે છે કે માત્ર હેલ્મેટ ન પહેરવાથી ૫૪૫૬૮ બાઈક સવારોના મોત થયા છે. એટલું જ નહીં સીટ બેલ્ટનો ઉપયોગ ન કરવાથી પણ હજારો લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ અહેવાલમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે માર્ગ અકસ્માતોની સૌથી મોટી અસર રાહદારીઓ અને ટુ-વ્હીલર ચાલકો પર પડે છે. ફક્ત ૨૦૨૩ માં જ ૩૫,૦૦૦ થી વધુ રાહદારીઓના મૃત્યુ થયા હતા, જે ૨૦૨૨ કરતા ઘણા વધારે છે. આ દર્શાવે છે કે ભારતના રસ્તાઓ હજુ પણ રાહદારીઓ અને સાયકલ સવારો માટે સલામત નથી. રોડ સેફ્ટી નેટવર્ક અને કંઝ્યુમર વોઈસ જેવી સંસ્થાઓના નિષ્ણાંતોનું કહેવું છે કે દુર્ઘટનાની જવાબદારી માત્ર માનવીય ભૂલો પર ન નાખી શકાય. હકીકતમાં સિસ્ટમેટિક ફેરફારોની જરૂર છે. તેમાં કાયદાનું કડક પાલન, હેલ્મેટ અને સીટ બેલ્ટના નિયમોનો કડકાઈથી અમલ અને શહેરો-ગામડામાં સુરક્ષિત રોડ માળખાનું નિર્માણ સામેલ હોવું જોઈએ. નિષ્ણાંતો તે પણ કહે છે કે રોડ સુરક્ષા હવે માત્ર ટ્રાન્સપોર્ટ ઈશ્યુ નહીં, પરંતુ પબ્લિક હેલ્થ ઈમરજન્સી માનવામાં આવે. ત્યારે આ સંકટ પર કાબૂ મેળવી શકાશે. નોંધનીય છે કે ભારતે ૨૦૩૦ સુધી રોડ અકસ્માતમાં થનારા મોત અને ઈજાને અડધી કરવાનું લક્ષ્ય રાખ્યું છે. તે માટે એક રાષ્ટ્રીય રોડ સુરક્ષા મિશનની શરૂઆત કરવી ખૂબ જરૂરી છે. જ્યાં સુધી રાહદારીઓ, સાઈકલ ચાલકો અને ટૂ-વ્હીલર સવારોની સુરક્ષાને પ્રાથમિકતા ન આપવામાં આવે, ત્યાં સુધી સ્થિતિ સુધારવામાં મુશ્કેલી થશે.

# પુતિન સાથે મીટિંગમાં બોલ્યા PM મોદી; યુક્રેનના મુદ્દે પણ થઈ ચર્ચા, મોદીએ પુતિનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)તિયાનજિન

ચીનના તિયાનજિન શહેરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન **(SCO)** સમિટના સમાપન બાદ, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે હોટેલ રિટ્ઝ કાર્લટનમાં એક દ્વિપક્ષીય બેઠક યોજાઈ. આ બેઠકમાં આર્થિક સહયોગ, વ્યૂહાત્મક ભાગીદારી, ઊર્જા અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા થઈ. રશિયન રાષ્ટ્રપતિએ આ વાતચીતમાં કહ્યું કે, વડાપ્રધાન મોદીને મળીને મને આનંદ થયો. ટ્રમ્પના દબાણ વચ્ચે ભારત-રશિયાના સંબંધો સિદ્ધાંતોના આધારે મજબૂત રહેશે. પુતિને **PM** મોદી સાથેની બેઠકમાં જણાવ્યું કે, ભારત-રશિયાના સંબંધો વિશેષ અને વ્યૂહાત્મક ભાગીદારીના સિદ્ધાંતો પર વિકસી રહ્યા છે. વૈશ્વિક રાજકારણની અનિશ્ચિતતા વચ્ચે, બંને નેતાઓ સંબંધોને વધુ મજબૂત કરવા પર ભાર મૂકી રહ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન તેલની ખરીદી પર લાદવામાં આવેલા ટેરિફ છતાં, મોદી અને પુતિન અમેરિકી દબાણને અવગણીને તેમની મિત્રતાને નવો આકાર આપી રહ્યા છે.

તિયાનજિનમાં **SCO** સમિટ દરમિયાન **PM** મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચેની મુલાકાત બાદ, **PM** મોદીએ **X** પર પોસ્ટ કરીને કહ્યું કે, રાષ્ટ્રપતિ પુતિન સાથે એક શાનદાર બેઠક થઈ. આ બેઠકમાં વેપાર, ખાતર, અંતરિક્ષ, સુરક્ષા અને સંસ્કૃતિ સહિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા થઈ.

# પૂર્વોત્તર રેલવેમાં નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

પૂર્વોત્તર રેલવેના ગોરખપુર-ડોમિનગઢ સેક્શનમાં ત્રીજી લાઈન કમિશનિંગ અને ગોરખપુર-નકહા જંગલ સ્ટેશનો વચ્ચે ડબલિંગના સંદર્ભમાં નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે અમદાવાદ ડિવિઝનની કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

**રદ ટ્રેનો**

- ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ની ૧૫૦૪૫ ગોરખપુર–ઓખા એક્સપ્રેસ રદ રહેશે.
- ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ની ૧૫૦૪૬ ઓખા–ગોરખપુર એક્સપ્રેસ રદ રહેશે.

**આંશિક રદ ટ્રેનો**

- ૨૩ સપ્ટેમ્બર થી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૪૮૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસને વારાણસી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને વારાણસી અને ગોરખપુર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ૨૪ સપ્ટેમ્બરથી ૨૭મી સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ટ્રેન સંખ્યા ૧૯૪૯૦ ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસ વારાણસી સ્ટેશનથી શોર્ટ ઓરિજીનેટ (પ્રારંભ)થશે અને ગોરખપુર અને વારાણસી સ્ટેશન વચ્ચે આંશિક રીતે રદ રહશે.
- ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૪૦૯ સાબરમતી-થાવે એક્સપ્રેસ બસ્તી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને બસ્તી અને થાવે વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૪૧૦ થાવે-સાબરમતી એક્સપ્રેસ બસ્તી સ્ટેશનથી શોર્ટ ઓરિજીનેટ થશે અને થાવે અને બસ્તી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ની ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ખલીલાબાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને ખલીલાબાદ અને ગોરખપુર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**ડાયવર્ટ કરેલી ટ્રેન**

- ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ની ટ્રેન સંખ્યા ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાય લખનૌ જંક્શન - સુલતાનપુર-વારાણસી-ઓડિહાર-છપરા-મુઝફ્ફરપુર સ્ટેશન ના માર્ગે ચાલશે

મુસાફરો ટ્રેનોના સંચાલન, સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

# ઉત્તરાખંડમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ

# ચારધામ અને હેમકુંડ સાહિબ યાત્રા અટકાવાઈ

## ચારધામ અને હેમકુંડ સાહિબ યાત્રા પાંચ સપ્ટે. સુધી સ્થગિત

(સંપૂર્ણ સમાચાર સેવા)દહેરાદુન

ઉત્તરાખંડમાં મેઘરાજાએ ભયાનક તબાહી સર્જી છે. અહીં અનેક સ્થળે ભૂસ્ખલનની ઘટનાઓ બન્યા બાદ અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે.

આ ઉપરાંત ચારધામ યાત્રા અને હેમકુંડ સાહિબ યાત્રાના માર્ગ પર પણ અનેક ઠેકાણે ભૂસ્ખલન થતા રસ્તાઓ બંધ થઈ ગયા છે. બીજીતરફ હવામાન વિભાગે રાજ્યમાં પાંચમી ઓગસ્ટ સુધી ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. જેને ધ્યાને લઈને રાજ્ય સરકારે ચારધામ એટલે કે બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની યાત્રા પાંચ સપ્ટેમ્બર સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો છે. આ સાથે હેમકુંડ સાહિબ યાત્રા પણ અટકાવી દેવાઈ છે. ગઢવાલના કમિશનર વિનય શંકર પાંડેએ કહ્યું કે, 'રાજ્યમાં ભારે વરસાદ વચ્ચે અનેક સ્થળે ભૂસ્ખલન થયા બાદ અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. હાલ રસ્તા પરથી કાટમાળ હટાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જોકે શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સુવિધાને ધ્યાને રાખી હાલ ચારધામ યાત્રા અને હેમકુંડ સાહિબ યાત્રા પાંચ સપ્ટેમ્બર સુધી સ્થગિત રાખવાનો નિર્ણય લેવાયો છે.

# ઉત્તર રેલવેના કઠુઆ-માધોપુર પંજાબ સેક્શનમાં પુલ નંબર ૧૭ પર મિસઅલાઈમેન્ટ ને કારણે રેલ યાતાયાત પ્રભાવિત

ઉત્તર રેલવેના કઠુઆ-માધોપુર પંજાબ સેક્શનમાં ડાઉન લાઈન પર પુલ નંબર ૧૭ પર મિસઅલાઈમેન્ટ ને કારણે રેલ યાતાયાત સ્થગિત કરવામાં આવ્યો છે. જેના કારણે અમદાવાદ ડિવિઝનમાંથી ચાલતી/ પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ

**આંશિક રદ ટ્રેનોઃ-**

- ૦૨ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી, ટ્રેન નં. ૧૯૨૨૩ સાબરમતી-જમ્મુ તવી એક્સપ્રેસ ફિરોઝપુર કેન્ટ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ (સમાપ્ત) થશે. આ પ્રકારે આ ટ્રેન ફિરોઝપુર કેન્ટ અને જમ્મુ તવી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ૦૩ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ટ્રેન નં. ૧૯૨૨૪ જમ્મુ તવી-સાબરમતી એક્સપ્રેસ ફિરોઝપુર કેન્ટ સ્ટેશનથી શોર્ટ ઓરીજીનેટ (પ્રારંભ) થશે. આ પ્રકારે આ ટ્રેન જમ્મુ તવી અને ફિરોઝપુર કેન્ટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**રદ ટ્રેનોઃ-**

૧. ૭,૧૪,૨૧ અને ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ની ટ્રેન નં ૧૯૪૧૫ સાબરમતી–શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ રદ રહેશે.

૨. ૨,૯,૧૬,૨૩ અને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ની ટ્રેન નં ૧૯૪૧૬ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-સાબરમતી એક્સપ્રેસ રદ રહેશે.

૩. ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૫ની ટ્રેન નં ૧૨૪૭૩ ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ રદ રહેશે.

૪. ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૫ની ટ્રેન નં ૧૨૪૭૪ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-ગાંધીધામ એક્સપ્રેસ રદ રહેશે.

૫. ૦૨ સપ્ટેમ્બર ૨૦૨૫ની ટ્રેન નંબર ૧૨૪૭૫ હાપા-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ રદ રહેશે.

૬. ૦૩ સપ્ટેમ્બર ૨૦૨૫ની ટ્રેન નં ૧૨૪૭૭ જામનગર–શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ રદ રહેશે.

૭. ૦૬,૧૩,૨૦ અને ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નં ૧૯૦૨૭ બાંદ્રા ટર્મિનસ-જમ્મુ તવી એક્સપ્રેસ રદ રહેશે.

૮. ૮,૧૫,૨૨ અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫ ટ્રેન નં ૧૯૦૨૮ જમ્મુ તવી-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ રદ રહેશે.

૯. ૭,૧૪,૨૧ અને ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ ટ્રેન નં ૧૯૧૦૭ ભાવનગર ટર્મિનસ-એમસીટીએમ ઉધમપુર એક્સપ્રેસ રદ રહેશે.

૧૦. ૮,૧૫,૨૨ અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નં ૧૯૧૦૮ એમસીટીએમ ઉધમપુર-ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ રદ રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદા ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યા: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬૧ની તેજી

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૫૯૯૩.૨૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૬૩૫૦.૫૪ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૨૯૭૩.૫૮ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૪૫૪૬ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૦૨૩૪૬.૪૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૫૯૯૩.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૬૩૫૦.૫૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૫૪૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૨૦૮.૯૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૨૯૭૩.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૪૦૪૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૫૯૩૭ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૦૪૦૪૪ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૩૮૨૪ના આગલા બંધ સામે રૂ.૧૦૦૯ના ઉછાળા સાથે રૂ.૧૦૪૮૩૩ થયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૮૬ ઉછળી રૂ.૮૪૧૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૨૦ વધી રૂ.૧૦૫૩૨ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિનીનો સપ્ટેમ્બર વાયદો રૂ.૮૪,૩૬૫ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો રૂ.૧૦,૫૮૦ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩૬ વધી રૂ.૧૦૩૯૦૦ના ભાવે બોલાયો હતો. આ વાયદો ઉપરમાં રૂ.૧૦૪૯૪૮ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૪૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૫૩૭૭ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી અને નીચામાં રૂ.૧૦૪૨૦૧ના મથાળે અથડાઈ, રૂ.૧૦૩૮૩૦ના આગલા બંધ સામે રૂ.૧૦૫૩ની તેજી સાથે રૂ.૧૦૪૮૮૩ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૦૮૪૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૩૩૫૭ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૨૦૮૪૪ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૦૩૭૧ના આગલા બંધ સામે રૂ.૨૦૦૨ના ઉછાળા સાથે રૂ.૧૨૨૩૭૩ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૫૫૨ વધી રૂ.૧૨૪૧૭૬ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૫૭૪ વધી રૂ.૧૨૪૧૮૦ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર વાયદો ઉપરમાં રૂ.૧૨૪૭૮૭ અને ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો ઉપરમાં રૂ.૧૨૪૮૦૦ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૦૩૦.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૩૨૦ અને નીચામાં રૂ.૩૯૮૭ના સ્તરને સ્પર્શી, રૂ.૩૦૪ ઘટી રૂ.૪૦૧૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૬૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૨૦ અને નીચામાં રૂ.૫૬૩૦ના મથાળે અથડાઈ, રૂ.૫૬૫૪ના આગલા બંધ સામે રૂ.૬૧ વધી રૂ.૫૭૧૫ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૫૭ વધી રૂ.૫૭૧૩ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૪ વધી રૂ.૨૬૮.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૪.૪ વધી રૂ.૨૬૮.૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૭૨ના ભાવે ખૂલી, રૂ.૨.૫ વધી રૂ.૯૬૦.૭ થયો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૪૦૨ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૪૩૧ થયો હતો.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૧૭૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૮૩૯૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૮૦૬૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૮૮૨૭૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૬૧૩૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૨૬૬૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૭૫૩૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૮૭૬૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૬૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૪૫૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૩૧૮૬ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૪૫૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૪૬૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૪૪૫૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૫૩ પોઈન્ટ વધી ૨૪૫૪૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯.૧ વધી રૂ.૧૬૨.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪૫ વધી રૂ.૧૩.૧ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૬.૫ વધી રૂ.૮૬૯ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૩૦.૫ વધી રૂ.૩૧૩૯ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯.૪૫ વધી રૂ.૧૬૩.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬૫ વધી રૂ.૧૩.૨૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪૫ વધી રૂ.૧૫૪૪.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૧૨ વધી રૂ.૩૦૭૨ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૫ ઘટી રૂ.૧૦૧.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪૫ ઘટી રૂ.૧૫.૧૫ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૩.૫ ઘટી રૂ.૫૯૯.૫ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૮૭ ઘટી રૂ.૧૫૮૧.૫ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૫.૩ ઘટી રૂ.૧૦૩.૩૫ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૩૫ ઘટી રૂ.૧૫.૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૭ ઘટી રૂ.૧૩૩૩ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૨૫.૫ ઘટી રૂ.૫૯૧ થયો હતો.

### કર્મચારીને ૨ વર્ષ પહેલા જ નોકરીમાંથી કાઢી મુક્યો હતો

# ગુજરાત યુનિવર્સિટીમાં પૂર્વ હંગામી કર્મચારી દ્વારા તોડફોડ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં આવેલી ગુજરાત યુનિવર્સિટી ફરી એક વખત વિવાદમાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીમાં તોડફોડ કરવામાં આવી છે. બોટની અધ્યાપકની ઓફિસમાં આ તોડફોડ કરવામાં આવી છે.

પૂર્વ હંગામી કર્મચારી દ્વારા આ તોડફોડ કરવામાં આવી છે. આ પૂર્વ હંગામી કર્મચારીએ બોટની ડિપાર્ટમેન્ટના અધ્યાપકની કાર અને ઓફિસમાં તોડફોડ કરી છે. પૂર્વ કર્મચારીએ ઓફિસના દરવાજાનો કાચ તોડી નાખ્યો છે અને ટેબલ-ખુરશી તથા કારને પણ નુકસાન પહોંચાડ્યું છે.

તમને જણાવી દઈએ કે જૂની અદાવતમઆં કર્મચારીએ આ તોડફોડ કરી હોવાની જાણવા મળી રહ્યું છે. એક મહિલાની ફરિયાદ બાદ હંગામ કર્મચારીને ૨ વર્ષ પહેલા જ નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યો હોવાની વાત સામે આવી છે અને આ જૂની અદાવત રાખીને પૂર્વ હંગામી કર્મચારીએ આજે બોટની અધ્યાપકની ઓફિસમાં અને કારમાં તોડફોડ કરી નાખી છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ ગુજરાત યુનિવર્સિટીની કેન્ટીનમાં જોવા મળતી ગંદકી અને અખાદ્ય ભોજનના મુદ્દે **NSUI** દ્વારા મોટું વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. **NSUI**ના કાર્યકર્તાઓએ કેન્ટીનની તાળાબંધી કરીને આક્રોશ વ્યક્ત કર્યો હતો.ગુજરાત યુનિવર્સિટીમાં વિવાદ થાય તે કોઈ નવી બાબત નથી. થોડા મહિનાઓ પહેલા **ABVP** દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મેનેજમેન્ટ કોર્સમાં પ્રસ્તાવિત ફી વધારા મુદ્દે **ABVP** દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. સૂત્રોચ્ચાર સાથે **ABVP**ના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. યુનિવર્સિટી સત્તાધીશોએ મેનેજમેન્ટ કોર્સિસમાં રૂપિયા ૨,૫૦૦ની પ્રસ્તાવિત ફી વધારા મામલે વિચારણા કરી હતી, જેને લઈને **ABVP**એ વિરોધ નોંધાવ્યો હતો.

# પશ્ચિમ રેલવે દ્વારા ૧૦ ટ્રેનોનું અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો પર સ્ટોપેજ

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ૧૦ ટ્રેનોને અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો પર સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે: (મુસાફરી શરૂ થયાની તારીખથી)

૧. ટ્રેન સંખ્યા ૨૦૯૩૬/૨૦૯૩૫ ઈન્દોર-ગાંધીધામ એક્સપ્રેસનું સામાખ્યાલી સ્ટેશન પર સ્ટોપેજ

ટ્રેન સંખ્યા ૨૦૯૩૬ ઈન્દોર-ગાંધીધામ એક્સપ્રેસ ૭ સપ્ટેમ્બર ૨૦૨૫થી સામાખ્યાલી સ્ટેશન પર ૧૨.૪૦ કલાકે આગમન તથા ૧૨.૪૨ કલાકે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૨૦૯૩૫ ગાંધીધામ-ઈન્દોર એક્સપ્રેસ ૮ સપ્ટેમ્બર ૨૦૨૫ થી સામાખ્યાલી સ્ટેશન પર ૧૯.૧૦ કલાકે આગમન તથા ૧૯.૧૨ કલાકે પ્રસ્થાન કરશે.

૨. ટ્રેન સંખ્યા ૧૬૫૩૪/૧૬૫૩૩ બેંગલુરુ-ભગત કી કોઠી સાપ્તાહિક એક્સપ્રેસનું મહેસાણા સ્ટેશન પર સ્ટોપેજ

ટ્રેન સંખ્યા ૧૬૫૩૪ બેંગલુરુ-ભગત કી કોઠી એક્સપ્રેસ ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ થી મહેસાણા સ્ટેશન પર ૦૬.૫૦ કલાકે આગમન તથા ૦૬.૫૨ કલાકે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૧૬૫૩૩ ભગત કી કોઠી-બેંગલુરુ એક્સપ્રેસ ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫ થી મહેસાણા સ્ટેશન પર ૧૨.૨૨ કલાકે આગમન તથા ૧૨.૨૪ કલાકે પ્રસ્થાન કરશે.

૩. ટ્રેન સંખ્યા ૧૬૩૧૨/૧૬૩૧૧ તિરુવનંતપુરમ-શ્રીગંગાનગર સાપ્તાહિક એક્સપ્રેસનું મહેસાણા સ્ટેશન પર સ્ટોપેજ

ટ્રેન સંખ્યા ૧૬૩૧૨ તિરુવનંતપુરમ-શ્રીગંગાનગર એક્સપ્રેસ ૬ સપ્ટેમ્બર ૨૦૨૫ થી મહેસાણા સ્ટેશન પર ૦૮.૩૮ કલાકે આગમન અને ૦૮.૪૦ કલાકે પ્રસ્થાન કરશે.તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૧૬૩૧૧ શ્રીગંગાનગર-તિરુવનંતપુરમ એક્સપ્રેસ ૯ સપ્ટેમ્બર ૨૦૨૫થી મહેસાણા સ્ટેશન પર ૦૫.૪૫ કલાકે આગમન અને ૦૫.૪૭ કલાકે પ્રસ્થાન કરશે.

૪. ટ્રેન નંબર ૧૨૨૧૬/૧૨૨૧૫ બાંદ્રા ટર્મિનસ-દિલ્હી સરાય રોહિલ્લા ગરીબરથનુ મહેસાણા સ્ટેશન પર સ્ટોપેજ

ટ્રેન સંખ્યા ૧૨૨૧૬ બાંદ્રા ટર્મિનસ-દિલ્હી સરાય રોહિલ્લા ગરીબ રથ એક્સપ્રેસ ૩ સપ્ટેમ્બર ૨૦૨૫થી મહેસાણા સ્ટેશન પર ૨૦.૪૨ કલાકે આગમન અને ૨૦.૪૪ કલાકે પ્રસ્થાન કરશે.એ જ રીતે, ટ્રેન સંખ્યા ૧૨૨૧૫ દિલ્હી સરાય રોહિલા-બાંદ્રા ટર્મિનસ ગરીબરથ એક્સપ્રેસ ૪ સપ્ટેમ્બર ૨૦૨૫થી મહેસાણા સ્ટેશન પર ૨૨.૦૫ કલાકે આગમન અને ૨૨.૦૭ કલાકે પ્રસ્થાન કરશે.

૫. ટ્રેન સંખ્યા ૧૪૩૧૧ બરેલી-ભુજ એક્સપ્રેસનું માલિયા-મિયાણા સ્ટેશન પર સ્ટોપેજ

ટ્રેન સંખ્યા ૧૪૩૧૧ બરેલી-ભુજ આલા હઝરત એક્સપ્રેસ ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૫થી માલિયા-મિયાણા સ્ટેશન પર ૦૬.૪૩ કલાકે આગમન અને ૦૬.૪૫ કલાકે પ્રસ્થાન કરશે.

૬. ટ્રેન સંખ્યા ૨૨૯૧૫ બાંદ્રા ટર્મિનસ-હિસાર એક્સપ્રેસનું સિદ્ધપુર સ્ટેશન પર સ્ટોપેજ

ટ્રેન નંબર ૨૨૯૧૫ બાંદ્રા ટર્મિનસ-હિસાર એક્સપ્રેસ ૮ સપ્ટેમ્બર ૨૦૨૫ થી સિદ્ધપુર સ્ટેશન પર ૨૧.૨૩ કલાકે આગમન તથા ૨૧.૨૫ પ્રસ્થાન કરશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લઈ શકે છે.

# પોસ્ટમોર્ટમમાં કફન સહિતની સામગ્રી ના નાણાં નહી લેવા આરોગ્ય વિભાગનો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના આરોગ્ય વિભાગે રાજયભરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલો અને મેડીકલ કોલેજની સંલગ્ન હોસ્પીટલોમાં પોસ્ટમોર્ટમની કામગીરીને સુવિધાજનક અને સમયસર કરવાનો કડક આદેશ જારી કર્યો છે. આ નિર્ણય ડેડબોડીના પરીવારો તરફથી મળેલી વારંવારની ફરીયાદોને પગલે લેવામાં આવ્યો છે.

જેમાં પોસ્ટમોર્ટમ પ્રક્રિયામાં વિલંબ, અયોગ્ય વ્યવહાર અને સામગ્રી માટે નાણાંની માંગણી જેવી સમસ્યાઓનો ઉલ્લેખ હતો, આરોગ્ય વિભાગે સ્પષ્ટ કર્યુ છે કે આવી ફરીયાદોને ગંભીરતાથી લેવામાં આવી છે અને હવે નિયમોનુ કડક પાલન કરવુ ફરજીયાત રહેશે. આ આદેશનો હેતુ પોસ્ટમોર્ટમ પ્રક્રિયાને પારદર્શિ, ઝડપી અને પરીવારો માટે ઓછી તકલીફદાયક બનાવવાનો છે. આદેશ મુજબ હોસ્પીટલો અને આરોગ્ય કેન્દ્રોએ ડેડબોડીના પરીવારો પાસેથી કફન સહિતની કોઈ પણ સામગ્ર માટે નાણાં લેવા પર સખત પ્રતિબંધીત છે.

પોસ્ટમોર્ટમ પુર્ણ થયા બાદ નિયમો મુજબ નિયત સમય મર્યાદામાં પરીવારોને મૃત્યુ પ્રમાણ પત્ર આપવુ ફરજીયાત છે. આ ઉપરાંત અકસ્માત, ઝેરી પદાર્થના કેસ અથવા શંકાસ્પદ મરણના મામલાઓમાં પોસ્ટમોર્ટમ તાત્કાલીક કરવુ અને ડેડ બોડીના હોસ્પીટલ સુધી પહોંચાડવાની વ્યવસ્થા તાત્કાલીક કરવી જરૂરી રહેશે. અગાઉ કેટલાક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલોમાં પોસ્ટમોર્ટમની પ્રક્રિયામાં વિલંબ થતો હોવાની ફરીયાદો મળી હતી. જેના કારણે પરીવારોને માનસિક અને વ્યવહારીક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. આવા કિસ્સાઓમાં ડેડ બોડીને નેટવર્ક હોસ્પીટલ સુધી પહોચાડવામાં પણ વિલંબ થતો હોવાનુ બહાર આવ્યુ છે.

આરોગ્ય વિભાગે હિમાયત કરી છે કે આ નિયમોનુ પાલન ન કરનાર આરોગ્ય કેન્દ્રો અને હોસ્પીટલોના સક્ષમ અધિકારીઓ સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે, આ આદેશની અમલવારીની જવાબદારી સંપૂર્ણપણે સંબંધીત અધિકારીઓ પર રહેશે. આ ઉપરાંત વિભાગે લોકોને અપીલ કરી છે કે જો કોઈ અનિયમિતતા જણાય જેમ કે નાણાંની માંગણી કે પોસ્ટમોર્ટમમાં વિલંબ તો તેની જાણ તાત્કાલીક સ્થાનિક આરોગ્ય અધિકારીઓની કરવી, આ પગલાથી આરોગ્ય વિભાગનો ઉદ્દેશ પોસ્ટમોર્ટમ પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ અને પરીવારો માટે સરળ બનાવવાનો છે. જેથી તેઓને આવા દુઃખદ સમયે વધારાની હાલાકી ન ભોગવવી પડે, આ આદેશનુ પાલન રાજયની તમામ સંબંધીત હોસ્પીટલો અને આરોગ્ય કેન્દ્રો માટે ફરજીયાત છે અને આની અમલવારી પર કડક નજર રાખવામાં આવશે.

# રેલ સંરક્ષામાં ઉત્તમ કાર્ય બદલ પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક દ્વારા ભાવનગર મંડળના લોકો પાયલોટને સન્માનિત કરવામાં આવ્યા

પશ્ચિમ રેલવે ભાવનગર મંડળના લોકો પાયલોટ (ભાવનગર ટર્મિનસ) શ્રી સંતોષ કુમારને સંરક્ષા ક્ષેત્રમાં ઉત્તમ કાર્ય બદલ પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તા દ્વારા જુલાઈ-૨૦૨૫ માટે **"Man of the Month"** એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

આ સન્માન સમારોહ ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ (સોમવાર)ના રોજ પશ્ચિમ રેલવે મુખ્યાલય, ચર્ચગેટ ખાતે યોજાયો હતો, જેમાં મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ શ્રી સંતોષ કુમારને મેડલ તથા યોગ્યતા પ્રમાણપત્ર અર્પણ કરીને સન્માનિત કર્યા હતા. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે લોકોપાયલોટ શ્રી સંતોષ કુમારની તત્પરતા અને સતર્કતાથી સંભવિત અકસ્માત ટળ્યો હતો. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ પણ શ્રી સંતોષ કુમારને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ આવી જ રીતે ઉત્તમ કાર્ય કરવાનું પ્રોત્સાહન આપ્યું હતું.



# કોંગ્રેસ ૮ સપ્ટે. કરશે કુચ : વિધાનસભાનો ઘેરાવ: વોટ ચોરી વિરૂધ્ધ શરૂ કરશે અભિયાન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત કોંગ્રેસે રાજયમાં વોટ ચોરીના મુદ્દે આક્રમક વલણ અપનાવ્યુ છે. આ મુદ્દે જાગૃતિ લાવવા અને વિરોધ દર્શાવવા માટે આગામી ૮ સપ્ટેમ્બર ના રોજ ગુજરાત વિધાનસભાનો ઘેરાવ કરવાની જાહેરાત કરવામાં આવી છે.




અમદાવાદ ખાતે યોજાયેલી જાહેર સભામાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે વોટ ચોરીના આ મુદ્દાને વધુ મજબુત કરવા માટે કોંગ્રેસ વોટર અધિકાર યાત્રા પણ કાઢશે, આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ બોગસ મતદારોને શોધી કાઢવાનો રહેશે. ચાવડાએ આક્ષેપ કર્યો હતો કે ચોર્યાસી વિધાનસભામાં ૨.૪૦ લાખ મતદારોની ચકાસણી કરતા ૩૦ હજાર બોગસ મતદારો મળી આવ્યા હતા, આ પ્રકારે જો દરેક વિધાનસભામાં ગોલમાલ થઈ હોય તો કુલ ૬૨ લાખ વોટ ની ગેરરીતી થઈ હોઈ શકે છે, આ સભામાં કોંગ્રેસના પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિકે ભાજપ પર આકરા પ્રહારો કરતા કહ્યુ હતુ કે કોંગ્રેસના પ્રચારમાં લહેર દેખાય છે, પરંતુ પરીણામ મોદી સરકારની તરફેણમાં આવે છે, જે કંઈક ગડબડ હોવાનુ સુચવે છે. અમિત ચાવડાએ પણ મોંઘવારી, બેરોજગારી, ખેડુતોને અન્યાય, કથળેલી કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ તેમજ ફીકસ પગારદારોની સમસ્યાઓનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે આટલી સમસ્યાઓ હોવા છતાં ચુંટણી પરીણામો વિપરીત આવે છે. જે સાબિત કરે છે કે વોટ ચોરી સફળ રહી છે, તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ભાજપના પ્રદેશ પ્રમુખના મત વિસ્તારમાં જ બોગસ મતદારો પકડાયા છે. કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે પણ આ મુદ્દે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે ૨૦૧૭ ની ચુંટણીમાં પણ ૭૫૦૦ બોગસ મતદારો શોધવામાં આવ્યા હતા. ૨૦૨૨ ની ચુંટણીમાં ગામ દીઠ ૧૫૦ મતદારોને શંકાસ્પદ રીતે દુર કરવામાં આવ્યા હતા , તેમણે ૨૦૨૪ ની લોકસભા ચુંટણીનો દાખલો આપતા કહ્યુ હતુ કે તેઓ બનાસકાંઠામાં દોઢ લાખ મતથી જીતવાના હતા, પરંતુ વોટ ચોરીને કારણે માત્ર ૩૦ હજાર મત થી જ જીતી શકયા, અમિત ચાવડાએ વધુમાં કહ્યુ કે બોગસ મતદારો ઉભા કરવા માટે ૫ અલગ અલગ પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેના દ્વારા આ રેકેટ ચલાવવામાં આવે છે, આ તમામ આરોપો કોંગ્રેસના અભિયાનને વેગ આપવા માટેના પ્રયાસરૂપે જોવામાં આવી રહ્યા છે.

# ચૈતર વસાવાના જામીન મુદ્દે સુપ્રિમ કોર્ટના સીનીયર વકીલ વિક્રમ ચૌધરીની નિમણુંક કરવામાં આવી

પ્રતિનિધિ,ગાંધીનગર

ડેડીયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને જામીન મળવામાં થતા વિલંબ મુદ્દે હવે પાર્ટીએ મોટી કાનુની વ્યુહરચના ઘડી છે. વડોદરા લોકસભાના પ્રભારી વિરેન રામીએ માહિતી આપતા જણાવ્યુ હતુ કે આ મામલે સુપ્રિમ કોર્ટના સીનીયર વકીલ વિક્રમ ચૌધરીને નિમવામાં આવ્યા છે.



વિરેન રામીએ આક્ષેપ કરતા જણાવ્યુ કે આદિવાસી પંથકમાં છેડેચોક ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે, અને ચૈતર વસાવાએ આ કૌભાંડોનો પર્દાફાશ કર્યો હતો. તેમના કહેવા મુજબ કૌભાંડમાં સંકળાયેલા તત્વો બેબાકળા થઈ ગયા છે અને એના પરીણામે ચૈતર વસાવાને જેલમાંથી બહાર નહી આવવા દેવાનો કારસો રચવામાં આવ્યો છે. ચૈતર વસાવાની ધરપકડ પછી થી આમ આદમી પાર્ટી સતત આરોપ લગાવતી આવી છે કે સરકાર અને પ્રભાવશાળી તત્વો એના પર રાજકીય બદલો લેવાના ઈરાદાથી કામ કરી રહ્યા છે. પાર્ટીનુ કહેવુ છે કે વસાવા પર મુકાયેલા આરોપો ખોટા છે અને એ માત્ર વિરોધ દમનનો પ્રયાસ છે. હાલ ચૈતર વસાવાની જામીન અરજી પર સુનાવણીમાં વારંવાર વિલંબ થતા પાર્ટીએ હવે દેશના જાણીતા સીનીયર વકીલની સેવા લઈને કાનુની લડત તેજ કરી છે, પાર્ટી નેતાઓએ સ્પષ્ટ કહ્યુ હતુ કે તેઓ ચૈતર વસાવાને ન્યાય અપાવવા માટે અંતિમ હદ સુધી લડત આપશે. આ મુદ્દો આદિવાસી પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે અને ચૈતર વસાવાના સમર્થકો એના ઝડપી મુકિત માટે સતત માંગણી કરી રહ્યા છે. હવે સુપ્રિમ કોર્ટમાં લડત શરૂ થવાથી આગામી દિવસોમાં આ મામલે મહત્વપૂર્ણ ફેરફાર થઈ શકે છે.

# શિવ અનંતા ફ્લેટ્સમાં ગણેશ ઉત્સવ-૨૦૨૫ નું સફળતાપૂર્વક સમાપન



શિવ અનંતા ફ્લેટ્સમાં તાજેતરમાં ગણેશ ઉત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી. તારીખ ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ગણેશ સ્થાપના પૂજા સાથે શરૂ થયેલા આ ઉત્સવે નિવાસીઓને એકસાથે લાવીને અનેક સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કર્યું.

ઉત્સવ દરમિયાન, નિવાસીઓએ દરરોજ સવાર-સાંજ ગણપતિ આરતીમાં ઉત્સાહભેર ભાગ લીધો. નાસિક ઢોલના તાલ સાથે ગણેશજીના આગમન અને વિદાયએ વાતાવરણને ઉત્સવમય બનાવ્યું હતું. ૨૮ ઓગસ્ટના રોજ યોજાયેલ ગણેશ ભજન કાર્યક્રમ મુખ્ય આકર્ષણ રહ્યું હતું, જેમાં સૌએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો.

ઉજવણીમાં ૩૦ ઓગસ્ટના રોજ યોજાયેલ સત્યનારાયણ કથાનો પણ સમાવેશ થાય છે, જેણે સૌને શાંતિ અને આધ્યાત્મિક અનુભવ કરાવ્યો. ઉત્સવનો અંત ૩૧ ઓગસ્ટના રોજ ગણેશ વિસર્જન સાથે થયો. વિદાય સમારોહમાં સવાર-સાંજની આરતી, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને નૃત્ય કાર્યક્રમનો સમાવેશ થાય છે. પ્રતિમાનું વિસર્જન બગીચામાં તૈયાર કરાયેલા સમર્પિત જલ કુંડમાં કરવામાં આવ્યું, જેનાથી પર્યાવરણને અનુકૂળ ઉજવણી સુનિશ્ચિત થઈ.

નિવાસીઓના જબરજસ્ત સહયોગથી આ વર્ષનો ગણેશ ઉત્સવ ખૂબ સફળ રહ્યો, અને સમુદાયમાં એકતા અને આનંદની ભાવના જાગૃત થઈ.

# ૫ વરસથી ચાલતી ખાનગી નર્સિંગ કોલેજમાં સેફટી ચકાસણી નહી: બે દાયકા જુની સરકારી માટે ફરજીયાત

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની નર્સિંગ સહિતની પેરા મેડીકલ કોર્સની ૩૭ હજાર થી વધારે બેઠકો પર પ્રવેશ માટે હાલમાં મોકરાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે પરંતુ પ્રવેશ પ્રક્રિયા કયારે શરૂ થશે તે નકકી નથી, સ્વનિર્ભરની સાથે સાથે સરકારી ૬૦ થી વધારે સરકારી નર્સિંગ કોલેજોને પણ હજુ સુધી કાઉન્સિલ દ્વારા મંજુરી આપવામાં આવી નથી. કાઉન્સિલ દ્વારા સરકારી કોલેજોમાં ફાયર, બીયુ સહિતની મંજુરી ન હોવાથી પ્રવેશ મંજુરી આપવી કે નહી તે અંગે સરકારને તાકીદ કરી હોવાની વિગતો બહાર આવી છે.



ધો. ૧૨ નુ પરીણામ જાહેર થયા બાદ ૨૯ મી મે થી નર્સિંગ સહિતના ૧૦ કોર્સમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન શરૂ કરી દેવામાં આવ્યુ હતું. રજીસ્ટ્રેશન થયા બાદ ૪ મહિના પુરા થવા આવ્યા છતાં હજુ સુધી પ્રવેશ પ્રક્રિયા કાર્યવાહી શરૂ થઈ શકી નથી. નર્સિંગ સહિતની કુલ ૧૧૪૩ કોલેજોની ૫૪૮૩૨ બેઠકો માટે અંદાજે ૩૫ હજાર થી વધુ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. ૪ મહિના પછી પણ પ્રવેશ કાર્યવાહી શરૂ ન થતા ભારે વિરોધ થાય તેવી સ્થિતિ ઉભી થતા હાલમાં મોકરાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે.

મહત્વની વાત એ છે કે હાલની સ્થિતિમાં ૨૫૦ થી વધુ સ્વનિર્ભર નર્સિંગ કોલેજોને મંજુરી આપી દેવામાં આવી છે પરંતુ ૬૦ થી વધુ સરકારી કોલેજો પૈકી એકપણ કોલેજને મંજુરી આપવામાં આવી નથી.

સુત્રો એવુ કહી રહ્યા છે કે નર્સિંગ કાઉન્સિલ દ્વારા ગત વરસે સરકારી નર્સિંગ સહિતની કોલેજોમાં ફાયર અને બીયુ પરમીશન ન હોવાના કારણે લાંબા સમય સુધી મંજુરી આપવામાં આવી ન હતી. છેવટે સરકાર દ્વારા સરકારી કોલેજોમાં ટુંક સમયમાં ફાયર અને બીયુ ની મંજુરી આપવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવ્યા બાદ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

ચાલુ વરસે પણ કાઉન્સિલ દ્વારા આજ કારણોસર સરકારી નર્સિંગ કોલેજોની મંજુરી અટકાવવામાં આવી છે. સુત્રો કહી રહ્યા છે કે તાજેતરમાં કાઉન્સિલ દ્વારા સરકારી નર્સિંગ કોલેજોમાં ફાયર અને બીયુ એનઓસી ન હોવાથી મંજુરી ન હોવાથી કોલેજોની મંજુરીઓ અટકાવી હોવાની જાણકારી પણ આપી દેવાઈ છે.

આ મુદ્દે પ્રવેશ સમિતિના સુત્રો કહી રહ્યા છે કે કાઉન્સિલ દ્વારા હાલમાં સ્વનિર્ભર કોલેજો પૈકી જે કોલેજો ૫ વરસ જુની હોય તેમનુ ઈન્સ્પેકશન ન કરવાની જાહેરાત કરાઈ છે એટલે કે આ કોલેજોને ઈન્સ્પેકશન કર્યા વગર જ મંજુરી આપી દેવામાં આવતી હોય છે તો બીજી તરફ સરકારી કોલેજો ૨૦ વરસ કરતા વધારે સમયથી ચાલી રહી છે. આમ છતાં આ કોલેજની મંજુરી આપવામાં ન આવતા અનેક તર્કવિતર્ક ઉભા થયા છે. બીએસસી નર્સિંગ, બી ફીઝીયોથેરાપી, જીએનએમ, એએનએમ, બી ઓપ્ટોમેટરી, બી ઓકયુપેશનલ થેરાપી, બી ઓર્થોટીકસ અને પ્રોસ્થેટીકસ, બીએ એસએલપી અને બી નેચરોપથી સહિતના કોર્સમાં પ્રવેશ માટે સરકારી સહિતની કોલેજોની મંજુરી બાકી છે. ત્યારે પ્રવેશ સમિતિ દ્વારા ૨૯ મી થી ર સપ્ટેમ્બર સુધી મોકરાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. મોક રાઉન્ડ પુરો થયા બાદ ફાઈનલ રાઉન્ડ શરૂ થશે કે કેમ તે અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

# બનાસકાંઠા જિલ્લા કલેકટરના હસ્તે અંબાજી ભાદરવી પુનમ મહામેળાનો થયો પ્રારંભ : કલેકટર સહિતના અધિકારીઓએ મા અંબાના રથનુ પુજન અર્ચન કરી રથને ખેંચી મેળાની કરાઈ શરૂઆત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આસ્થા તમારી વ્યવસ્થા અમારી ના મંત્ર સાથે અંબાજી ખાતેથી જિલ્લા કલેકટર વ આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહીર પટેલના હસ્તે ભાદરવી પુનમ મહામેળાનો રંગચંગે પ્રારંભ થયો છે. શકિતપીઠ અને પવિત્ર યાત્રાધામ અંબાજીમાં આજે તા. ૧ સપ્ટેમ્બર થી ૭ સપ્ટેમ્બર સુધી ૭ દિવસીય ભાદરવી પુનમ મહામેળો ૨૦૨૫ યોજાઈ રહ્યો છે. શકિત, ભકિત અને આસ્થાના મીનીકુંભ સમાન આ મહામેળાની આજે સોમવારથી શરૂઆત થઈ છે.



અંબાજી ખાતે દાંતા રોડ ઉપર વેકટેસ માર્બલ નજીક માતાજીના રથની શાસ્ત્રોક રીતે અને ભકિતભાવથી પુજા અર્ચના કરીને કલેકટર સહિત મહાનુભાવોએ રથને ખેંચીને મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. મેળાનો શુભારંભ થતાની સાથે જ બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે ગીરીમાળાઓ ગુંજી ઉઠી હતી. કલેકટર મિહીર પટેલે લાખો માઈભકતોને મેળામાં આવકારતા મા અંબા માઈભકતોની મનોકામના પૂર્ણ કરે અને મેળો સુખ રૂપે નિર્વિઘ્ને પુર્ણ થાય એવી પ્રાર્થના કરી હતી. મેળાના પ્રથમ દિવસથી વિવિધ સેવા કેમ્પો પણ ધમધમી ઉઠયા છે. ત્યારે કલેકટર મિહીર પટેલે ૧૨ સહાયતા કેન્દ્ર, મુખ્ય કંટ્રોલરૂમ વગેરે સુવિધાઓનુ નિરીક્ષણ કર્યુ હતું. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, અંબાજી માતા દેવવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ૭ દિવસીય ઉત્સવમાં મા અંબાના દર્શનાથે આવતા લાખો શ્રધ્ધાળુઓની સેવા, સુવિધા અને સુરક્ષા માટે અનેકવિધ આયોજન કરાયુ છે. મેળાના ૭ દિવસ સુધી યાત્રાધામને સાંકળતા માર્ગો બોલ મારી અંબે જય જય અંબેના નાદ થી ગુંજી ઉઠશે, રસ્તામાં માઈભકતોને કષ્ટ ન પડે તે માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેર ઠેર સેવા કેમ્પો પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. મા અંબાને નવલા નોરતાનુ નિમંત્રણ પાઠવવા માટેના આ મેળામાં દુર દુર ના અંતરેથી લાખો શ્રધ્ધાળુઓ કષ્ટ વેઠીને પણ મા અંબાના ધામ પહોચશે. ત્યારે ભકતોની સેવા, સુવિધા અને સુરક્ષા માટે વહિવટી તંત્ર સજજ બન્યુ છે.

# સાંસદ મનસુખ વસાવાએ ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખને લખ્યો પત્ર તમે ખોટા લોકોને સહકારી ક્ષેત્રમાં આગળ કરી રહ્યા છો

પ્રતિનિધિ,ગાંધીનગર

ભરૂચની દુધ ધારા ડેરીની આવનારી ચુંટણીને પગલે સ્થાનિક રાજકારણ ગરમાયુ છે. ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી વિરૂધ્ધ ગંભીર આક્ષેપો કરતો પત્ર લખ્યો છે. વસાવાના પત્રમાં જણાવાયુ છે કે જિલ્લા પ્રમુખ જુના કાર્યકરોની અવગણના કરી રહ્યા છે અને ભ્રષ્ટાચાર તેમજ દાદાગીરી કરનારા લોકોને આગળ ધપાવી રહ્યા છે.



સાંસદ વસાવાએ ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીને પત્ર લખ્યો છે. જેમાં મારૂતિસિંહ અટોદરીયાના સમયમાં પાર્ટીના જુના અને સંઘર્ષમાં કામ કરનારા લોકોની અવગણના કરવામાં આવી હતી અને બીટીપી માં થી આવેલા લોકોને ખોટી રીતે મહત્વના પદો પર બેસાડવામાં આવ્યા હતા, એ જ માર્ગે તમે પણ આગળ વધી રહ્યા છો,પ્રકાશ દેસાઈ એક લીટર દુધ પણ દુધ ધારા ડેરીમાં આપતા નથી, તેઓ પોતાના ગામની ડેરીના સભ્ય પણ નથી, પરંતુ રાજકીય વગ વાપરીને અન્ય ડેરીમાંથી દરખાસ્ત કરાવીને ડેરીમાં ઉમેદવારી કરી છે. શામ, દામ, દંડ થી અને પૈસા ના જોરથી ડીરેકટર બની પણ જશે, પરંતુ આવા ભ્રષ્ટ અને દાદાગીરી કરનારા લોકો આવી સહકારી સંસ્થાઓમાં આવશે તો સંસ્થાની શું હાલત થશે ? તે તો સમય જ બતાવશે. સાંસદ વસાવાએ નેત્રંગ તાલુકાની ચાસવડ ડેરીમાં ભ્રષ્ટાચારીઓને બચાવવાનો પણ આરોપ મુકયો છે. તેમણે પત્રમાં લખ્યુ છે કે ચાસવડ ડેરીમાં ભ્રષ્ટાચારીઓને કે જેઓ કૌભાંડમાં સામેલ છે તેઓને તમે અને જિલ્લા રજીસ્ટ્રાર કોઈને કોઈ પ્રકારે કોકના દબાણમાં આવી ભ્રષ્ટાચારીઓને બચાવી રહ્યા છો.

આપણી પાર્ટી મુલ્ય આધારીત પાર્ટી છે શિસ્તમાં માનવાવાળી પાર્ટી છે અને સરકાર અને સહકારમાં પારદર્શક વહિવટને પ્રધાન્ય આપે છે, તો આજ પ્રકાશ દેસાઈ એન્ડ કંપનીએ ઝઘડીયા એપીએમસીમાં જિલ્લા માં કે પ્રદેશમાં કોઈને પણ પુછયા વગર પોતાની મનમાની કરી એપીએમસીનુ માળખુ બનાવી દીધુ જે પાર્ટીની પરંપરા વિરૂધ્ધ છે.

સાંસદ વસાવાએ પત્રના અંતમાં લખ્યુ છે કે પ્રજામાં ખુલ્લેઆમ ચર્ચાઈ રહ્યુ છે કે મારૂતિસિંહ અને પ્રકાશ મોદીમાં કોઈ ફેર નથી તો, મારી આપને અપીલ છે કે જુના કાર્યકર્તાઓની અવગણના ન કરશો, મહત્વના નિર્ણયોમાં જિલ્લા સંકલનમાં વિશ્વાસમાં લો તેવી મારી આપને સલાહ છે. આ પત્રથી ભરૂચ ભાજપમાં આંતરીક વિખવાદો સપાટી પર આવ્યા છે અને આગામી દિવસોમાં આ મુદ્દે રાજકીય ગરમાવો જોવા મળી શકે છે.

# અમદાવાદના સરખેજમાં નકલી દારૂ બનાવતી ફેકટરી ઝડપાઈ: બોટલો ઉપર બ્રાન્ડેડ સ્ટીકરો લગાડવામાં આવતા હતા

## અમદાવાદના શાહપુરમાં પણ અગાઉ એક શખ્સ ઝડપાયો હતો નકલી દારૂ બનાવતા : વોન્ટેડ આરોપી અફસર અલી યુસુફઅલી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદના સરખેજ વિસ્તારમાંથી નકલી દારૂ બનાવતી ફેકટરી ઝડપાઈ છે. ફતેવાડી વિસ્તારમાં ફેકટરીમાં નકલી દારૂ બનાવવામાં આવતો હતો અને પોલીસને બાતમીના આધારે જાણ થતા તેમણે ફેકટરીમાં રેડ પાડી હતી અને દારૂ ઝડપી લીધો હતો. ફેકટરીમાંથી કેમીકલ, દારૂની ખાલી બોટલો અને ઢાંકણા મળી આવ્યા હતા. પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આ ફેકટરી છેલ્લા કેટલાય સમયથી ધમધમતી હતી તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે અને દારૂ બનાવીને કયા જિલ્લામાં સપ્લાય કરવામાં આવતો હતો તેની પણ પોલીસે તપાસ હાથ ધરી છે.



પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ સરખેજના ફતેવાડી કેનાલ વિસ્તારમાંથી પકડી પાડવામાં આવેલી નકલી ઈંગ્લીશ દારૂ બનાવવાની મીની ફેકટરી છે જે ગણા સમયથી ધમધમી રહી હતી તેવુ સુત્રો દ્વારા જાણવા મળ્યુ છે. પોલીસે હાલમાં ઝડપાયેલ કેમીકલને પણ એફએસએલમાં મોકલી આપ્યુ છે અને ફેકટરીની જગ્યા પોતાની છે કે ભાડાની તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે. કેમીકલ્સમાં સ્પિરિટ ભેળવી નકલી દારૂ બનાવવામાં આવતો હોવાની પણ માહિતી બહાર આવી છે ત્યારે જોવાનુ રહ્યુ કે જે કેમીકલ મળી આવ્યુ છે તે કેમીકલનો ઉપયોગ ખરેખર શેમા થતો હતો, પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે. અગાઉ અમદાવાદના શાહપુરમાં પણ નકલી દારૂ બનાવવામાં આવતો હતો અને એક શખ્સ આ નકલી દારૂ બનાવતો હોવાની પણ વિગતો બહાર આવી હતી. નકલી દારૂ સ્પિરિટમાં ભેળસેળ કરીને બનાવવામાં આવતો હતો. અગાઉ તો આપણે સાંભળ્યુ હશે કે બુટલેગરો પણ નકલી દારૂ બનાવતા હોવાનુ સાંભળ્યુ હશે. આ પ્રકરણમાં પણ અફસરઅલી યુસુફઅલી સૈયદ ઉ.વ.૪૬ રહે. ઘર નં. ૬૮/૦૬ નાગપુર વોરાની ચાલી, જુલતા મીનારાની સામે , ગોમતીપુર અમદાવાદ શહેર હાલ રહે. ઘર નં. ૫૮ મોહંમદી પાર્ક વિભાગ ૦૧ આઈસા મસ્જીદની સામે, ફતેવાડી , સરખેજ અમદાવાદ.

# પાવર ગ્રીડ લાઈનના ઓછા વળતરને લઈને પૂર્વ મંત્રીઓ અને ધારાસભ્યોએ સરકાર સામે બાંયો ચડાવી કલેકટરને આવેદનપત્ર આપ્યું

## પૂર્વ મંત્રી ગણપત વસાવા, પૂર્વ મંત્રી ઈશ્વર પરમાર, ધારાસભ્ય મોહન ઢોડીયા સહિતનાઓએ કલેકટરને આવેદનપત્ર આપ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરત જિલ્લામાં પાવર ગ્રીડ લાઈન નાખવા માટે જમીન સંપાદન મામલે ખેડુતોને યોગ્ય અને ઉંચુ વળતર મળે તે માટે ભાજપના પૂર્વ મંત્રીઓ અને ધારાસભ્યોએ જ સરકાર સામે બાંયો ચડાવી કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી છે.



ભાજપના પૂર્વ મંત્રી ગણપત વસાવા અને પૂર્વ મંત્રી ઈશ્વર પરમાર સહિતના ધારાસભ્ય અને મંત્રીઓએ આ અંગે કલેકટરને આવેદનપત્ર આપ્યુ છે. આ રજુઆત બાદ પૂર્વ મંત્રી ગણપત વસાવાએ જણાવ્યુ હતુ કે ખેડુતોના વળતરનો મુદ્દો મુખ્યમંત્રી સુધી પણ પહોચાડવામાં આવ્યો છે અને તેમને સંતોષકારક વળતર મળે તેવી માંગણી કરવામાં આવી છે.પૂર્વ મંત્રી ઈશ્વર પરમારે આ મામલે વિગતવાર માહિતી આપતા જણાવ્યુ હતુ કે આ પાવર ગ્રીડલાઈન જુદા જુદા તાલુકાઓમાંથી પસાર થવાની છે અને તેમના વિસ્તારમાંથી જ ૬૮ જેટલા ટાવર પસાર થવાના છે.તેમણે ઉમેર્યુ કે સૌ પ્રથમ આ અંગેનો સર્વે ૨૦૨૩ અને ૨૦૨૪ માં થયો હતો. જેમાં ખેડુતોને ઓછુ વળતર મળતુ હોવાના કારણે તેમનામાં નારાજગી હતી, ખેડુતોની આ નારાજગી અને રજુઆતને ધ્યાનમાં રાખીને પૂર્વ મંત્રીઓએ કલેકટર સમક્ષ આવેદનપત્ર આપ્યુ હતું. ત્યારે નવાઈની વાત તો એ છે કે શું આ પૂર્વ મંત્રીઓની રજુઆતોને વર્તમાન મંત્રીઓ ધ્યાને લેતા નથી ? શું સરકારી અધિકારીઓ પૂર્વ મંત્રીઓની રજુઆતોને ધ્યાને લેતા નથી તેવા અનેક સવાલો આમ પ્રજામાં ઉઠી રહ્યા છે. પૂર્વ મંત્રીઓની આ રજુઆત બાદ ખેડુતોમાં આશા જાગી છે કે તેમને પાવરગ્રીડ માટે સંપાદીત થતી જમીનનું ઉંચુ વળતર મળી રહેશે. આ ઘટના દર્શાવે છે કે ચુંટાયેલા પ્રતિનિધિઓ પોતાના વિસ્તારના ખેડુતોના હિત માટે કટીબધ્ધ છે, હવે ખેડુતો સરકારના આગામી પગલા અને વળતર અંગેના નિર્ણયની રાહ જોઈ રહ્યા છે. આ મુદ્દો સ્થાનિક રાજકારણમાં પણ એક મહત્વપૂર્ણ વિષય બની રહ્યો છે કારણ કે હજારો ખેડુતોના ભવિષ્યનો સવાલ છે.

# મનરેગા કૌભાંડમાં પુત્રોના પાપે મંત્રી બચુ ખાબડને વિધાનસભા સત્રમાંથી રખાશે દુર : વિપક્ષના સવાલોનો જવાબ હવે રાઘવજી પટેલ આપશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત સરકારના મંત્રી બચુ ખાબડ તેમના પુત્રોના મનરેગા કૌભાંડમાં સંડોવાયેલા હોવાના કારણે સરકાર માટે શરમજનક સ્થિતિનું કારણ બની રહ્યા છે. આ ઘટના બાદ તેમને છેલ્લા ૧૮ થી વધુ કેબિનેટ બેઠકોમાંથી દુર રાખવામાં આવ્યા છે અને હવે આગામી વિધાનસભાના ચોમાસુ સત્રમાં પણ તેમની બાદબાકી કરવામાં આવશે. પંચાયત વિભાગના મંત્રી હોવા છતાં તેમના વિભાગના સવાલોના જવાબ કૃષિ મંત્રી રાઘવજી પટેલ આપશે.



ગુજરાત સરકારના મંત્રી બચુ ખાબડ જેમના પુત્રો દેવગઢ બારીયાના કરોડોના મનરેગા કૌભાંડમાં આરોપી છે. તેમની રાજકીય મુશ્કલીઓ વધી રહી છે. છેલ્લા દોઢ ડઝનથી વધુ કેબિનેટ બેઠકોમાં ગેરહાજર રહ્યા છે. ત્યારે હવે છેલ્લે વિધાનસભાના ત્રિદિવસીય ચોમાસુ સત્રમાં પણ હાજર રહેવા દેવામાં આવશે નહી. પંચાયત મંત્રી તરીકે તેમના વિભાગના સવાલોના જવાબ આપવાની જવાબદારી કૃષિ મંત્રી રાઘવજી પટેલને સોંપવામાં આવી છે. આ નિર્ણય સુચવે છે કે સરકાર આ કૌભાંડને કારણે બગડી રહેલી પોતાની છબીને સુધારવાનો પ્રયાસ કરી રહી છે.

# માધ્યમિક સ્કુલો માટે તા.૧ સપ્ટે.થી વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાની કાર્યવાહી શરૂ : ૩૦ સપ્ટે.સુધીમાં અહેવાલ ઓનલાઈન ભરી સબમીટ કરવાનો રહેશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સ્કુલો માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાની કાર્યવાહી સપ્ટેમ્બર થી શરૂ કરવામાં આવી છે. છેલ્લા ચાર વરસથી ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાની કાર્યવાહી ચાલે છે. જેમાં ચાલુ વરસે ૩૦ સપ્ટેમ્બર સુધીમાં સ્કુલોએ ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ અહેવાલ સબમીટ કરવાનો રહેશે.



ગત વરસે આ કાર્યવાહી છેક નવેમ્બર મહિનામાં શરૂ કરવામાં આવી હતી, આમ આ વખતે લગભગ અઢી માસ અગાઉ જ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હોવાનુ જાણવા મળે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સંચાલક, આચાર્યો અને શિક્ષકો તથા વહિવટી કર્મચારીઓને પત્ર લખીને વાર્ષિક નિરીક્ષણ અહેવાલને લઈને સુચના આપવામાં આવી છે જેમાં જણાવાયુ છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાની કામગીરી ઓનલાઈન કરવામાં આવેલી છે. સ્કુલોએ ૧ સપ્ટેમ્બર થી ૩૦ સપ્ટેમ્બર સુધીમાં અહેવાલ સબમીટ કરવાનો રહેશે.

શાળાએ બોર્ડની વેબસાઈટ પર શાળાના ઈન્ડેક્ષ નંબર તથા પાસવર્ડનો ઉપયોગ કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાનો રહેશે. વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવા અંગેની સુચનાઓ બોર્ડ દ્વારા વેબસાઈટ પર મુકવામાં આવી છે. નિયત સમય મર્યાદામાં તમામ શાળાઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઈન ભરવા માટે બોર્ડ દ્વારા તાકીદ કરવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ૧૨ ની આગામી પરીક્ષા માટે સ્કુલ અને શિક્ષકોના રજીસ્ટ્રેશનની કાર્યવાહી શનિવારથી શરૂ કરાઈ છે. બોર્ડના વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવે તે અગાઉ આ કામગીરી પુર્ણ કરવાનુ આયોજન કરાયુ છે. બોર્ડની પરીક્ષા વખતે ઉત્તરવહી મુલ્યાંકન વખતે શિક્ષકોની મોટા પ્રમાણમાં જરૂરીયાત રહેતી હોવાથી પહેલા થી જ બોર્ડ દ્વારા તેમનુ રજીસ્ટ્રેશન કરાવી ડેટા એકત્ર કરી લેવામાં આવતો હોય છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૬ થી શરૂ કરવામાં આવનારી ધો. ૧૦ અને ધો. ૧૨ ની પરીક્ષા માટે આગામી દિવસોમાં આવેદનપત્રો ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવનાર છે. જેથી બોર્ડની પરીક્ષા માટેના આવેદનપત્રો ભરવાની કાર્યવાહી શરૂ થાય તે અગાઉ જ બોર્ડ દ્વારા સ્કુલ રજીસ્ટ્રેશન અને શિક્ષક રજીસ્ટ્રેશનની કાર્યવાહી પુર્ણ કરવાની હોવાથી આ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

બોર્ડની પરીક્ષા પુર્ણ થયા બાદ ઉત્તરવહી મુલ્યાંકન માટે શિક્ષકોના રજીસ્ટ્રેશનની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. જેથી છેલ્લી ઘડીએ દોડધામ ન કરવી પડે, સ્કુલ અને શિક્ષકોની રજીસ્ટ્રેશનની કાર્યવાહી શનિવાર થી શરૂ કરી દેવાઈ છે. રાજયમાં ચાલુ વરસે નોંધાયેલી તમામ નવી શાળાઓએ નવેસરથી રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. હાલ ચાલુ શાળાઓએ પોતાની માહિતી અપડેટ કરવાની રહેશે. સ્કુલ રજીસ્ટ્રેશનમાં મુખ્યત્વે ચાલુ વરસના તમામ ધોરણના ચાલુ વર્ગોના માધ્યમવાર વિદ્યાર્થીઓની સંખ્યા અચુક ભરવાની રહેશે તથા શાળાનુ નામ અને સરનામાની ખરાઈ કરવાની રહેશે. જો તેમાં કોઈ સુધારો હોય તો સુધારાના ઓર્ડર સાથે બોર્ડની શાળા નિયંત્રણ શાખાનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.